Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

RGISTERED N. 156

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

कर्तव्यं जिनवंदनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः ।
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ॥
श्रोतव्यं च दिने दिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं ।
दानादौ व्रतपालने च सततं कार्या रतिः श्रावकैः ॥ १ ॥

" વિધિને વિષે તત્પર અને હર્ષથી ઉલ્લસિત મનવાળા શ્રાવકોએ પ્રતિદિન શ્રી જિનેશ્વરને વંદન કરવું, સત્ ચારિત્રવડે સુશોભિત એવા મુનિરાજોની સદા સેવા કરવી, મિથ્યાત્વનો નાશ કરનાર જિનવચન પ્રતિદિન સાંભળવું અને દાનાદિક ( દાન, શીલ, તપ અને ભાવના )ને વિષે તથા અહિંસાદિક વ્રતને પાળવામાં નિરંતર આસક્તિ રાખવી. "

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૬મું. ભાદ્રપદ. સંવત્ ૧૯૬૬. શાકે ૧૮૩૨. અંક ૬ ઠ્ઠો.

પ્રગટકર્ત્તા

શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર.

ક્ષમાપના ... ... ... ... ... ... ... ... ... ... ... ૧૬૧
શ્રીપાળ રાજાના રાસ ઉપરથી નીકળતો સાર ... ... ... ... ... ૧૬૩
પ્રશ્નોત્તર રત્નમાળા ... ... ... ... ... ... ... ... ૧૭૦
સારભૂત સવૈયા ( તેઇસા ) ... ... ... ... ... ... ... ૧૮૧
પ્રતિક્રમણાદિક ક્રિયાઓમાં થતી શૂન્યતા ... ... ... ... ... ... ૧૮૫
ગુણાનુરાગ ... ... ... ... ... ... ... ... ... ... ૧૮૬

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧ ) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सभा तरफथी छपाता–छपावाना ग्रंथो.

નીચે જણાવેલા ગ્રંથો તૈયાર થઇ આવ્યા છે તે થોડા વખતમાં બહાર પડશે.

૧ શ્રી કર્મગ્રંથ સટીક–વિભાગ પહેલો–ચાર કર્મગ્રંથ.
શેઠ રતનજી વીરજી તથા જીવણભાઇ જેચંદની સહાયથી.

૨ શ્રી પ્રશમરતિ સટીક.
શેઠ હરજીવન મૂળજી વણથળીનિવાસી ગૃહસ્થની સહાયથી.

૩ શ્રી દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા–સ્વોપજ્ઞ ટીકા સહીત.
સુશ્રાવિકા દેવલીબાઇની સહાયથી.

૪ શ્રી યોગબિંદુ સટીક.
સુશ્રાવિકા દેવલીબાઇની સહાયથી.

૫ શ્રી ચઉસરણ–આઉરપચ્ચખ્ખાણ–ભત્તપરિન્ના–સંથારગ.
( શ્રાવકને ભણવા ગણવાની આજ્ઞાવાળા ચાર પયન્ના મૂળ. )
શ્રી પાટણનિવાસી શેઠ હાલાભાઇ મગનચંદની સહાયથી.

૬ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. શ્લોકબદ્ધ. ( સભા તરફથી )

૭ શ્રી ઉપદેશમાળા મૂળ તથા ટીકાના ભાષાંતર યુક્ત.
ભાવનગરના શ્રાવિકાસમુદાયની સહાયથી.

૮ શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૫ મો. ( સ્થંભ ૨૦ થી ૨૪ ) પૂર્ણ.

**નીચે જણાવેલા ગ્રંથો થોડી મુદત પછી બહાર પડશે.**

૯ શ્રી શાંતિનાથ ચરિત્ર ગદ્યબંધ. મૂળ.
શ્રી લીંબડીના સંઘની સહાયથી.

૧૦ શ્રી કર્મગ્રંથ સટીક–વિભાગ બીજો–પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
શેઠ રતનજી વીરજી તથા જીવણભાઇ જેચંદની સહાયથી

૧૧ શ્રી પંચાશક ટીકા સહીત. ( અપૂર્વ ગ્રંથ )
શેઠ સોભાગચંદ કપુરચંદ જામનગરનિવાસીની સહાયથી.

**નીચે જણાવેલા ગ્રંથો થોડી મુદતમાં છપાવા શરૂ થશે.**

૧૨ શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો. ( સ્થંભ ૧ થી ૪ )

૧૩ શ્રી પરિશિષ્ટ પર્વ. મૂળ–શ્લોકબદ્ધ.

૧૪ શ્રી કુવલયમાળા—એક રસિક ને ઉપદેશક ગદ્યબંધ ચરિત્રનું ભાષાંતર.

**નીચે જણાવેલા ગ્રંથો તૈયાર થાય છે.**

૧૫ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ મૂળ.

૧૬ શ્રી કમ્મપયડી. બંને ટીકા સહીત.

આ સભાના લાઇફ મેમ્બરોને ચાલુ વર્ષમાં ઘણા અમૂલ્ય ગ્રંથોનો લાભ મળવાનો છે. હકીકત લાઇફ મેમ્બર થવા ઇચ્છનારે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે સાથે આવા અમૂલ્ય ગ્ર બહાર પાડવા માટે સહાય આપી મુનિ મહારાજ વિગેરેને જ્ઞાનદાન આપવામાં પોતાના દ્રવ સદુપયોગ કરવાનું પણ ધ્યાનમા રાખવા યોગ્ય છે. તેવી ઇચ્છાવાળાએ સભા સાથે પત્રવ્ય કરવો, જેથી તેમની ઇચ્છાનુસાર ગોઠવણ કરી આપવામાં આવશે.

## श्री वर्द्धमानसूरि विरचित

### શ્રી વાસુપૂજ્ય ચરિત્ર મહાકાવ્ય.

પાકા સુશોભિત પુંઠાથી બંધાવીને બુકઆકારે બહાર પાડવામાં આવ્યું છે. કિંમત જૈન સંસ્થાઓ અને જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકો માટે રૂ. ૨). સામાન્ય ગ્રાહક માટે રૂ.૨ાા.તમામ સભાસદ માટે રૂ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीजैनधर्म प्रकाश.

ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं । ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन । यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति। यदुत सेवनीया दयालुता । न विधेयः परपरिभवः । मोक्तव्या कोपनता। वर्जनीयो दुर्जनसंसर्गः । विरहितव्यालीकवादिता । अभ्यसनीयो गुणानुरागः । न कार्या चौर्यबुद्धिः । त्यजनीयो मिथ्याभिमानः । वारणीयः परदाराभिलाषः । परिहर्तव्यो धनादिगर्वः । विधेया दुःखितदुःखत्राणेच्छा । पूजनीया गुरवः । वंदनीया देवसङ्घाः ! सन्माननीयः परिजनः । पूरणीयः प्रणयिलोकः । अनुवर्तनीयो मित्रवर्गः । न भाषणीयः परावर्णवादः । गृहीतव्याः परगुणाः । लज्जनीयं निजगुणविकत्थनेन । स्मर्तव्यमणीयोऽपि सुकृतं । यतितव्यं परार्थे । संभाषणीयः प्रथमं विशिष्टलोकः । अनुमोदनीयो धार्मिकजनः । न विधेयं परमर्मोद्घट्टनं । भवितव्यं सुवेषाचारैः । ततो भविष्यति भवतो सर्वज्ञसद्धर्मानुष्ठानयोग्यता ।

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૬ મું. ભાદ્રપદ સં. ૧૯૬૬. શાકે ૧૮૩૨. અંક ૬ ઠ્ઠો.

## ક્ષમાપના.

( લખનાર–મોહનલાલ દલીચંદ દેસાઇ, બી. એ. એલએલ. બી. )

### ગઝલ.

ગુરૂ શિરછત્ર બંધુ મિત્ર ! પિતા માતા કે બ્હેની આપ !
થયો અવિનય ત્રણે યોગે ખમાવું આત્મભાવેથી. ૧

દિવાનો હું બનીને જો ફરજ મારી બજાવી ના;
થયો દારૂણ કપટી તો ઉરે તે શલ્ય ના ધરજો. ૨

દિલેથી જો દીધી ડાધી, વિચારે ચિંતવ્યું બૂરૂં;
વચન વસમા ઉચાર્યા જો ખમાવું છું, ક્ષમા કરજો. ૩

અમે ને આપ નહિ જૂદા, હૃદય ખોટું જુદાઇ જ્યાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદય જો આપતું માફી, હૃદયમાં દેવતાઇ છે. ૪
જીગર મારૂં બળે દોષે જીગર તોડી બતાવું હું;
જુઓ ત્યાં છે લખાયેલો ' ખમાવુ'' શબ્દ કાયમનો. ૫

खामेमि सव्व जीवे सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥

હે શ્રીવીરશાસનરક્ષક બાંધવ ! આપ ગુરૂ, શિરછત્ર એવા પૂજ્ય વડીલ—સુશ્રાવિકાઓ, ભ્રાતા, મિત્ર, માતાપિતા કે ભગિની જે હો તે પ્રત્યે મારા તરફથી કંઇ પણ અવિનય થયો હોય, મારી ફરજ દિવાનો બની જઇ મેં બજાવી ન હોય, લાગણી કપટી થયો હોઉં, હૃદયમાં કલંકી ચિન્હ હોય, વિચારથી–મનથી ખરાબ–અશુભ ચિંતવ્યું હોય, વસમા વચન બોલ્યો હોઉં, તો તે સર્વ શલ્ય આપ હૃદયમાં લાવશો નહિ, હું આપ સર્વને ત્રણ યોગે–મન વચન કાયાએ કરી આત્મભાવપૂર્વક આત્મસાક્ષીએ ખમાવું છું, આપ ક્ષમા કરજો.

આપ અને અમે વસ્તુતઃ–નિશ્ચયે–આત્મસત્તાએ જૂદા નથી; હૃદય એકત્વ સિવાયની બીજી ભાવના નામે જૂદાઇ ભાવતું હોય તો તે હૃદય ખોટું છે; હૃદયમાં દિવ્યતા છે, પણ તે ત્યારેજ કે જ્યારે તે હૃદય એકત્વ ભાવના ભાવી બીજાને ક્ષમા-માફી આપે તો. કર્મની નિર્જરા ઉપસર્ગો શાંતિથી પ્રીતિથી સહેવામાં અને ઉપસર્ગ આપનારને ક્ષમા આપવામાં થાય છે, અને ત્યારેજ દિવ્યતા પ્રાપ્ત થાય છે.

મારા આપના પ્રત્યે મન, વચન, કાયાથી જે કંઇ દોષ થયા હોય અને થાય છે તેથી મારૂં હૃદય બળે છે, એવી નિત્યની ભાવના ભાવનાનો દઢ નિશ્ચય કરે છે કે સર્વ પ્રત્યે 'ખમાવુ'' છું. આની પ્રતીતિ કરાવવા માટે કહો તો જીગર તોડી બતાવું કે જેથી આપ જોઇ શકો ત્યાં 'ખમાવુ'' એ શબ્દ કાયમનો લખાયેલો છે–અંકિત છે.

અંતે પવિત્ર ગાથાથી ફરી કહું છું કે સર્વ જીવો પ્રત્યે હું ખમાવું છું, એટલે અનંત ભવોને વિષે પણ અજ્ઞાન અને મોહથી આવૃત થવા થકી જીવોને જે પીડા કીધી હોય તે ખમાવું છું; અને તે સર્વ જીવો મારા અપરાધને ખમો–માફ કરો, કેમકે સર્વ જીવોને વિષે મારે મૈત્રીભાવ છે, કોઇ જીવની સાથે મારે વૈરભાવ નથી.

આખા સંવત્સરની અંતે આવી ઉત્તમ ભાવના આપણા પરમ પવિત્ર અને કલ્યાણકારી પર્યુષણ પર્વ સમયે પ્રબળ જોશથી ખીલી નીકળે છે; આ પર્વની આ ભાવના સર્વે– જગતના સર્વ મનુષ્યો અનુભવે–વર્તનમાં મૂકે, તો વૈરભાવ કલેશાદિને નસાડી જગત્ બહાર મૂકી શકીએ. અસ્તુ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीपाळराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ઠ ૧૪૬ થી )

## ચારિત્ર પદની સ્તુતિ.

ચારિત્રના મુખ્ય બે પ્રકાર છે. સર્વવિરતિ ને દેશવિરતિ. સર્વવિરતિ ચારિત્ર મુનિને હોય છે અને દેશવિરતિ ચારિત્ર ગૃહસ્થ (શ્રાવક)ને હોય છે. તે ચારિત્ર આ જગતમાં જયવંતુ વર્તે છે. તેને હું ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું.

છ ખંડની ઋદ્ધિના સ્વામી ચક્રવર્તી પણ તૃણની જેમ પોતાની સર્વ ઋદ્ધિ છોડી દઈને અક્ષય સુખના કારણભૂત જે ચારિત્રનો સ્વીકાર કરે છે તે ચારિત્ર મારા મનમાં પણ રૂચ્યું છે. વળી રંક મનુષ્ય પણ જે ચારિત્રને અંગીકાર કરવાથી ઇંદ્રો અને નરેંદ્રોવડે પૂજિત થાય છે. સંસારાવસ્થામાં જેની પ્રાર્થનાવડે જે સામું પણ જોતા નથી તે મુનિપણાની અવસ્થામાં તેના પગમાં જઈને મસ્તક નમાવે છે એવા પ્રત્યક્ષ ફળદાયક, અશરણના શરણભૂત ચારિત્રને હું વંદના કરૂં છું. કારણકે તે ચારિત્રમાં જ્ઞાનાનંદજ ભરેલો છે.

જે ચારિત્રના બાર માસના પર્યાયથી અનુત્તર વિમાનના સુખનું પણ અતિક્રમણ કરે એવું સુખ પ્રાપ્ત થાય છે. કારણકે ગમે તેવું ઉત્કૃષ્ટ પણ અનુત્તર વિમાનનું સુખ પૌદ્ગલિક છે અને બાર માસના શુદ્ધ ચારિત્રથી પ્રાપ્ત થયેલું સમાધિ સુખ અપૌદ્ગલિક-આત્મિક છે. વળી જે ચારિત્રના પ્રભાવથી ઉજ્જવળ એવું અભિજાત્ય કહેતાં અભિરામ જે મોક્ષસુખ તે પ્રાપ્ત કરી શકાય છે તે ચારિત્રને હું નમસ્કાર કરૂં છું.

**ચય** કહેતાં આઠ કર્મનો જે સંચય તેને **રિકત** કરતાં ખાલી કરવો તેનું **નામ ચારિત્ર**—અર્થાત્ જેનાવડે પૂર્વસંચિત આઠ પ્રકારનાં કર્મોનો સંચય નાશ પામે છે તે ચારિત્ર કહેવાય છે. આવો અર્થ નિર્યુક્તિમાં જેનો કરવામાં આવેલો છે તે ચારિત્રને હું વંદના કરૂં છું.

જ્ઞાન અને દર્શન ગુણ પરસ્પર સહાયક છે. જ્ઞાનથી શ્રદ્ધા ગુણ પ્રગટે છે, અને શ્રદ્ધા રૂપ દર્શનથી અજ્ઞાન તે જ્ઞાન રૂપ પરિણમે છે. પરંતુ એ બંનેનું ફળ વિરતિ-ચારિત્ર છે જ્ઞાનદર્શનની પ્રાપ્તિવડે જો વિરતિ ગુણ પ્રાપ્ત કરી શકાય તોજ તે સફળ છે, નહીં તો વંધ્ય છે. ચારિત્રની સાથે રહ્યા સતાજ તે સંપૂર્ણ ફળદાયક થાય છે, તેથી ચારિત્રની શ્રેષ્ઠતા છે. તે ચારિત્રના સામાયિકાદિક પાંચ ભેદ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તે ચારિત્રને અરિહંતાદિકે પોતે સ્વીકાર્યું છે, આરાધ્યું છે, સમ્યક્ પ્રરૂપ્યું છે અને અનેક ભવ્ય જીવોને આપ્યું છે, તેથી તેની ઉત્કૃષ્ટતા સિદ્ધ થયેલી છે. તે ચારિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત ગુણવાળું છતાં શાસ્ત્રકારોએ તે સત્તર પ્રકારે તેમજ દશ પ્રકારે વર્ણવેલું છે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ક્ષમાદિક ગુણનું સેવન, મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનું ભાવવું, અને પરિસહ ઉપસર્ગાદિકને સહન કરવા–ઇત્યાદિવડે તેની પૂર્ણતા પ્રાપ્ત થાય છે. એવા ઉત્તમ ચારિત્રને હું ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું.

આ પ્રમાણે **ચારિત્ર**પદની સ્તવના કરીને હવે શ્રીપાળ રાજા છેલ્લા **તપ**પદની સ્તવના કરે છે.

જન્મથી ત્રણ જ્ઞાનવડે સંયુક્ત એવા અરિહંત પરમાત્મા પોતાની સિદ્ધિ તેજ ભવમાં થવાની છે એમ જાણે છે તે છતાં પણ કર્મોનો ક્ષય કરવા માટે જે તપનો આદર કરે છે—આદરે છે તે શિવતરૂના કંદભૂત તપને હું નમસ્કાર કરૂં છું.

જે તપ ક્ષમાસંયુક્ત કરતા સતા પૂર્વનાં નિકાચિત કર્મો પણ ક્ષય પામે છે તે તપ ખરેખર સેવન કરવા યોગ્ય છે. વળી જૈન શાસનની પ્રભાવના કરવામાં પણ તે તપ સહાયભૂત છે, અને તેનું ઉજમણું વિગેરે કરવાથી તે જૈન શાસનને દીપાવે છે. તે તપને હું પ્રણામ કરૂં છું.

વળી જે તપના પ્રભાવથી આમોસહી પ્રમુખ અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમજ આઠ મહાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રાપ્ત થાય છે તે તપને હું ભાવે કરીને નમસ્કાર કરૂં છું.

તપાદિકના પ્રભાવથી પ્રાપ્ત થતી ૨૮ લબ્ધિઓ નીચે પ્રમાણે—

૧ હસ્તાદિના સ્પર્શથી રોગ જાય તે આમૌષધી લબ્ધિ, ૨ મળ મૂત્રાદિકથી રોગ જાય તે વિપ્રૌષધી લબ્ધિ, ૩ શ્લેષ્મ ઔષધીરૂપ હોય તે જલ્લોષધી લબ્ધિ, ૪ શરીરના મળ માત્ર ઔષધીરૂપ હોય તે મલૌષધી લબ્ધિ, ૫ રોમનખાદિક સર્વ રોગ નિવારવા સમર્થ હોય તે સર્વોષધી લબ્ધિ, ૬ વાજિત્ર પ્રમુખ સાંભળવાની શકિત સર્વ ઇંદ્રિયોને એક સાથે હોય તે સંભિન્નશ્રોત્ર લબ્ધિ, ૭ અવધિ જ્ઞાન પ્રાપ્ત થાય તે અવધિ જ્ઞાન લબ્ધિ, ૮ ઋજુમતિ મનપર્યવજ્ઞાન થાય તે ઋજુમતિ લબ્ધિ, ૯ વિપુળમતિ મનપર્યવ જ્ઞાન થાય તે વિપુળમતિ લબ્ધિ, ૧૦ જંઘાચારણ, વિદ્યાચારણપણું પ્રાપ્ત થાય તે ચારણ લબ્ધિ, ૧૧ અન્યને વિષ ચડેલું ઉતરી જાય તે આસિવિષ લબ્ધિ, ૧૨ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે કેવળજ્ઞાન લબ્ધિ, ૧૩ ગણધરપણું પામે તે ગણધર લબ્ધિ, ૧૪ પૂર્વધરપણું પામે તે શ્રુતજ્ઞાન લબ્ધિ, ૧૫ સમવસરણની રચના કરી તીર્થંકર જેવો મહિમા કરી બતાવે તે તીર્થંકર લબ્ધિ, ૧૬ ચક્રવર્તી જેવી રાજઋદ્ધિ કરી દેખાડે તે ચક્રવર્તી લબ્ધિ, ૧૭ બળદેવની ઋદ્ધિ ફોરવે તે બળદેવ લબ્ધિ, ૧૮ વાસુદેવની ઋદ્ધિ ફોરવે તે વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુદેવ લબ્ધિ, ( અભવ્ય નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવે છે, પણ તેને આમાં બતાવેલી પૂર્વધરપણાની લબ્ધિ પ્રાપ્ત થતી નથી એમ સમજવું; અને તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવપણું પામે તે પણ તે તે પ્રકારની લબ્ધિ સમજવી. ) ૧૯ જેની વાણી સાંભળતાં દુધ સાકર કરતાં પણ વધારે મીઠાશ ઉપજે તે ક્ષીરાશ્રવ મધ્વાશ્રવ ને ઘૃતાશ્રવ લબ્ધિ, ૨૦ જેના કોઠામાં પેટીની જેમ સમસ્ત ઋદ્ધિ ભરી હોય તે કોષ્ટક લબ્ધિ, ૨૧ એક પદને અનુસારે બહુ પદ જાણી લેવાની શકિત તે પદાનુસારિણી લબ્ધિ, ૨૨ વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવોજ બોધ થાય તે બોધબીજ(સમ્યકત્વ)લબ્ધિ, ૨૩ તેજોલેશ્યા પ્રાપ્ત થાય તે તેજોલેશ્યા લબ્ધિ,૨૪ શીતલેશ્યા પ્રાપ્ત થાય તે શીત લેશ્યા લબ્ધિ, ૨૫ આહારક શરીર કરી શકાય તે આહારક લબ્ધિ, ૨૬ વૈક્રિય શરીર કરી શકાય તે વૈક્રિય લબ્ધિ, ૨૭ રસવતીના પાત્રમાં અંગુઠો માત્ર રાખવાથી હજારોને ભોજન કરાવી શકે તે અક્ષીણ મહાનસી લબ્ધિ, ૨૮ ચક્રવર્તીની સેનાને પણ ચૂર્ણ કરી શકે તે પુલાક લબ્ધિ.

આ અઠ્ઠાવીશ લબ્ધિ સહજ પ્રકારાંતરે અન્યત્ર કહેલ છે. આઠ મહાસિદ્ધિ જે તપસ્યાના પ્રભાવથી પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે—૧ ઝીણામાં ઝીણા છિદ્રમાં તેવું ઝીણું શરીર કરી પેસી શકે તે અથવા કમળની નાળમાં પેસી ચક્રવર્તીની ઋદ્ધિ વિસ્તારી શકે તે અણિમા સિદ્ધિ. ૨ મેરૂથી પણ મોટું રૂપ કરી શકે તે મહિમા સિદ્ધિ. ૩ પવનથી પણ હલકું શરીર કરી શકે તે લઘિમા સિદ્ધિ. ૪ વજ્રથી પણ ભારે શરીર કરી શકે તે ગરિમા સિદ્ધિ. ૫ ભૂમિપર રહ્યો સતો અંગુલીવડે મેરુના અગ્ર ભાગને સ્પર્શે અથવા સૂર્યનાં કિરણોને હાથ લગાડે તે પ્રાપ્તિસિદ્ધિ. ૬ પાણી ઉપર પૃથ્વીની જેમ ચાલે તેમજ પૃથ્વીમાં પાણીની જેમ ડુબકી મારે તે પ્રાકામ્યસિદ્ધિ. ત્રણ લોકની ઠકુરાઇ ભોગવે અથવા તીર્થંકરની કે ઇંદ્રની ઋદ્ધિ વિસ્તારે તે ઈશત્વ સિદ્ધિ. ૮ સર્વ જીવને વશ કરવાની શકિત તે વશિત્વ સિદ્ધિ.

નવનિધાન ચક્રવર્તીને પ્રગટ થાય છે તેનું સ્વરૂપ ભરત ચક્રવર્તીના ચરિત્રાદિકથી જાણવું.

તપ અપૂર્વ કલ્પવૃક્ષ છે. તેનું ફળ તો શીવસુખની પ્રાપ્તિ થાય તેજ છે, અને દેવતાઓની તેમજ મનુષ્યની અથવા ઇંદ્રની કે ચક્રવર્ત્યાદિકની ઋદ્ધિ પ્રાપ્ત થાય તે તો તેના ફૂલ છે. ઉપશમ રસ તે તેનો અમૂલ્ય મકરંદ ( સુગંધ ) છે એવા અપૂર્વ કલ્પવૃક્ષ સમાન તપને હું નમસ્કાર કરૂં છું.

લોકોમાં લૌકિક ને લોકોત્તર અનેક પ્રકારના મંગળો કહેવાય છે તે સર્વ મંગળોમાં પ્રથમ અને સર્વોત્કૃષ્ટ મંગળ તપ છે. તેનાથી સર્વ વિઘ્નો નાશ પામે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મોક્ષમાર્ગે ચાલતાં જે ઉત્તમ સહાય રૂપ છે. એ તપપદને હું ત્રિકાળ નમસ્કાર કરૂં છું.

આ તપના છ બાહ્ય અને છ અભ્યંતર એવા બાર ભેદ કહેલા છે. તે યથોત્તર વિશેષ વિશેષ ગુણકારી છે, અને જેમ અગ્નિના તાપવડે સુવર્ણને લાગેલી કીટ્ટી દૂર થઇ જાય છે તેમ તપવડે જીવને લાગેલી કર્મ રૂપ કીટ્ટી દૂર થઇ જાય છે; જેથી જીવ કર્મરહિત દશાને પામી શકે છે. કર્મોને નિર્જરવાનું અપૂર્વ સાધન તપજ છે, પણ તે સમતા સહિત ને આશંસા રહિત કર્યો સતોજ તથાપ્રકારનું ફળ આપે છે. અત્યંત અસાધ્ય એવાં લૌકિક કાર્યો પણ તેનાવડે લીલા માત્રમાં સિદ્ધ થઇ જાય છે. એ તપપદને હું ત્રિવિધે ત્રિવિધે નમસ્કાર કરૂં છું.

આ પ્રમાણે નવપદના ધ્યાનમાં શ્રીપાળરાજા તલ્લીન થઇ ગયા. પછી અનુક્રમે આયુષ્ય પૂર્ણ થયે કાળ કરીને નવમા આનત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. મયણા પ્રમુખ આઠે રાણીઓ ને શ્રીપાળકુમારની માતા પણ કાળ કરીને ત્યાંજ દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં દેવપણાનાં સુખ ભોગવીને આયુ પૂર્ણ થયે ત્યાંથી ચ્યવી મનુષ્યપણું પામશે, એમ ચારવાર મનુષ્યપણું ને ચારવાર દેવપણું પામીને નવમે ભવે હે શ્રેણિક રાજા ! તે શ્રીપાળકુમાર સિદ્ધિસુખને મેળવશે ( મોક્ષે જશે ).

આ પ્રમાણે શ્રી ગૌતમ સ્વામીના મુખથી નવપદનો મહિમા સાંભળીને શ્રેણિક રાજા ઘણો ઉલ્લસિત હૃદયે કહેવા લાગ્યો કે " હે મહારાજ ! આ નવપદ તે ખરેખરા ભવસમુદ્ર તરવાને માટે પ્રવહણ સમાન છે. " ગૌતમ સ્વામીએ કહ્યું કે- " હે શ્રેણિક રાજા ! શ્રીપાળે તો નવેપદની ભક્તિ કરી અને તેથી નવમે ભવે શિવસુખના ભાજન થશે, પરંતુ દેવપાળ વિગેરે એકેક પદની ભક્તિથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી ત્રીજે ભવે સિદ્ધિસુખને પામ્યા છે. વધારે શું કહું ! તું પણ એક અરિહંતપદની ભક્તિના પ્રભાવથી આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થઇ સિદ્ધિસુખને પામીશ. "

આ પ્રમાણેનાં શ્રી ગૌતમ સ્વામીનાં અપૂર્વ આહ્‌લાદકારી વચનો સાંભળી શ્રેણિક રાજા બહુજ હર્ષિત થયો ને ત્યાંથી ઉઠ્યો. તેવામાં વધામણી આવી કે " ભગવંત શ્રી મહાવીર સ્વામી પધાર્યા છે. " દેવતાઓએ તરતજ ત્યાં સમવસરણની રચના કરી, પુષ્પોની વૃષ્ટિ કરી, આકાશમાં દેવદુંદુભી વાગવા માંડી, અશોક વૃક્ષ પ્રફુલ્લિત થયું, તેની નીચે પ્રભુને માટે સિંહાસન મુકાયું, ભગવંત તેનાપર બીરાજમાન થયા એટલે ચામરો વિંજાવા લાગ્યા, માથે છત્ર ધરાયું, પાછળ ભામંડલ દીપી રહ્યું અને ભગવંત મધુર ધ્વની વડે દેશના દેવા લાગ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધામણીઆને વધામણી આપી શ્રેણિક રાજા સમવસરણમાં આવ્યા અને પ્રભુને વાંદી પોતાને ઉચિત સ્થાનકે બેઠા. ભગવંત શ્રેણિક રાજાને ઉદ્દેશીને નવપદનો જ મહિમા કહેવા લાગ્યા—" હે શ્રેણિક રાજા ! નવપદના આરાધનવડે ઘણા ભવ્ય જીવો ભવસમુદ્રનો પાર પામી ગયા છે. એ નવપદ આરાધનનું મૂળ અવિચ્છિન્ન એવો આત્મભાવ–આત્માના નિર્મળ પરિણામ છે, તેથી આત્મા તેજ નવપદ છે ને નવપદ તેજ આત્મા છે. જ્યારે ધ્યેયની સમાપ્તિ થાય છે ત્યારેજ ધ્યાતાનું ધ્યાન પ્રમાણ ગણાય છે, અર્થાત્ તે વખતે ધ્યાતા ધ્યેયપણાનેજ પામી જાય છે; તેથી નવ પદનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરતાં પ્રાણી તે દશાને પામતો હોવાથી નવપદ તેજ આત્મા ને આત્મા તેજ નવપદ છે, આ વાતને કોઈ સુજાણ મનુષ્યજ સમજી શકે છે.

અસંગ ક્રિયાના બળ વડે જેણે નવપદ પૈકી જે પદના ધ્યાનવડે સિદ્ધિપદને મેળવ્યું તેણે તે પદનેજ આત્માપણે અનુભવ્યું. કારણકે નિશ્ચયનયે નવે પદની સમૃદ્ધિ ઘટમાં (આત્મામાં) જ ભરેલી છે.

હે શ્રેણિક! એ નવેપદ આત્મા શી રીતે છે તે હું તને સંક્ષેપમાં પૃથક્ પૃથક્ સમજાવું છું તે સાંભળ—

દ્રવ્ય ગુણ ને પર્યાય વડે અરિહંતપદનું ધ્યાન કરતો સતો આત્મા ભેદનો છેદ કરીને અરિહંતરૂપી થાય છે. અર્થાત્ દ્રવ્યથી અરિહંત, ગુણથી પોતે મોક્ષગતિના ગામી અને આશ્રય કરનારને મોક્ષ પમાડનાર, અને પર્યાયથી અનંતા રૂપી અરૂપી પદાર્થના સમયે સમયે અનંતા પર્યાયના ઉત્પાદ વ્યયને જાણનાર–આવા અરિહંતની સાથે પોતાના આત્માનો જે ભેદ છે તેનો છેદ કરીને અભેદપણે તેનું ધ્યાન કરે. તે એવી રીતે કે–મારો આત્મા તેજ અરિહંત છે. તેમાં પણ અરિહંતના જેવાજ ગુણો ભરેલા છે, પણ તે તીરોભાવે રહેલા છે; માટે અરિહંત પરમાત્માની સેવા ભકિત ને તેનું ધ્યાન કરવાથી તે આવિર્ભાવે થઈ શકે તેમ છે, એટલે અરિહંત તે મારો આત્માજ છે. આવી રીતે અરિહંતનું ધ્યાન કરે: અથવા દ્રવ્ય તે અનંત ચતુષ્ટય, ગુણ તે જ્ઞાનદર્શનાદિનું વિચારવું અને પર્યાય તે અગુરૂ લઘુના ઉત્પાદ વ્યય–એમ અરિહંતને ધ્યાતો સતો અરિહંતમાં ને પોતામાં જે ભેદપણું છે તેનો છેદ કરી અભેદપણું પામીને આત્મા પોતેજ અરિહંતરૂપી થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપના ધ્યાનથી આત્માની સર્વ ઋદ્ધિ–જ્ઞાન દર્શન ચારિત્રાદિ તે આવીને મળે છે અર્થાત્ પ્રગટ થાય છે. ધ્યાતા પુરૂષ પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ એવા અરિહંત ભગવાનને ધ્યાતો સતો પોતાના આત્માને પ્રત્યક્ષ અરિહંતપદમય દેખે છે. અરિહંત દેવની આકૃતિનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન, અરિહંત પદનું ધ્યાન તે પદસ્થ ધ્યાન અને સમવસરણસ્થ અરિહંતનું ધ્યાન તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપાતીત એટલે અરૂપી સ્વભાવવાળા અને કેવળજ્ઞાન તથા કેવળ દર્શન સં-યુક્ત એવા સિદ્ધ ભગવંતનું ધ્યાન કરવાથી પોતાનો આત્મા સિદ્ધ સ્વરૂપી થાય છે. એટલે સિદ્ધિપદને ધ્યાતો આત્મા સિદ્ધિપદને અનુભવે છે, અને સિદ્ધના સર્વ ગુણ પોતામાં ઉત્પન્ન કરી તે દશાને પામે છે.

મહા મંત્રના ધ્યાવનારા અને શુભ ધ્યાનના કરનારા એવા આચાર્યનું ધ્યાન કરતો સતો જે પ્રાણી પોતાના આત્માને પાંચ પ્રસ્થાન યુકત કરે તે પોતે આચાર્ય થાય, અર્થાત્ પોતાનો આત્મા તેજ આચાર્ય છે. ફકત તેમાં રહેલા ગુણોને પ્રગટ કરવાનીજ જરૂર છે. પાંચ પ્રસ્થાન આ પ્રમાણે છે–૧ **વિદ્યાપીઠ** તે બાર પદનું સૂરિમંત્ર છે. તેના જાપને જપતો સતો–સાધના કરતો સતો કોટી શ્રુતનો જાણ થાય. ૨ **સૌભાગ્યપીઠ** તે મંત્ર વિધિપૂર્વક આરાધવાથી સર્વ લોકને વલ્લભ અને આદેય વચન હોય. ૩ **લક્ષ્મીપીઠ** તે મંત્ર આરાધવાથી રાજાદિક વશ થાય અને મોટો મહિમા થાય. ૪ **મંત્રરાજપીઠ** તે મંત્ર આરાધવાથી સર્વ ઉપદ્રવ રહિતપણું થાય તેમજ કામણ, મોહન, વશીકરણાદિ શકિત પ્રાપ્ત થાય અને ૫ **સુમેરૂપીઠ** તે મંત્રને આરાધવાથી ઇંદ્રાદિકે માન્ય હોય અને ગૌતમાદિકની જેમ અનેક લબ્ધિવંત હોય.

બાર પ્રકારની તપસ્યા તથા સઝાય ધ્યાનમાં જે નિરંતર રક્ત છે અને મહાપ્રાણ ધ્યાનવડે સૂત્રાર્થ તદુભય રહસ્યયુક્ત દ્વાદશાંગીના જે ધ્યાતા છે તેમજ જગતના મિત્રરૂપ અને જગતના બંધુરૂપ—એકાંત હિત ઇચ્છક છે તે ઉપાધ્યાય આત્માજ છે, અર્થાત્ એવા ઉપાધ્યાયનું ધ્યાન કરવાથી આત્માજ ઉપાધ્યાયપણું પ્રાપ્ત કરે છે.

રત્નત્રયીવડે મોક્ષમાર્ગનું સમ્યગ્ રીતે સાધન કરવા જેનાં તન મન ને વચન નિરંતર સાવધાન છે એવા નિત્ય અપ્રમત્ત રહેનારા અને સ્તવનાદિકવડે હર્ષ નહીં કરનારા તેમજ નિંદા ઉપદ્રવાદિ વડે શોક નહીં કરનારા એવા શુદ્ધ જે સાધુ તે આત્માજ છે અર્થાત્ એવા શુદ્ધ મુનિરાજનું ધ્યાન કરવાથી આત્માજ તે દશાને પામે છે. બાકી વેશ માત્ર ધારણ કરવાથી–અથવા કેશનું મુંડન કરાવવાથી કે લુંચન કરાવવાથી કાંઇ સાધુપણું પ્રાપ્ત થાય નહીં; તે તો માત્ર દ્રવ્ય સાધુ કહેવાય.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકયતા–ઇત્યાદિક ગુણો દર્શન મોહની કર્મના ક્ષયોપશમવડે આત્મામાં પ્રાપ્ત થાય તેનું નામ દર્શન કહીએ. તે દર્શન આત્માજ છે. કારણકે એ ગુણો આત્મામાંજ રહેલા છે. તે પ્રગટ થાય એટલે આત્મા દર્શનપણાને પામે છે. બાકી અમે સમકિતી છીએ એવું નામ માત્ર ધરાવવાથી કાંઇ તે ગુણ પ્રાપ્ત થઇ શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનાવરણી કર્મના ક્ષયોપશમવડે અબોધતા નાશ પામે છે અને જ્ઞાન ગુણ (આત્મામાં) પ્રગટ થાય છે, તેથી આત્માજ જ્ઞાનરૂપ થાય છે, એટલે જ્ઞાન તે આત્માજ છે. આત્માથી જુદી વસ્તુ નથી.

ચારિત્ર તે પણ આત્માજ છે. કેમકે જ્યારે આત્મા પોતાની સ્વભાવ દશામાં રમણ કરે, વિભાવ દશાથી વિરમે, શુદ્ધ લેશ્યાએ અલંકૃત વર્તે અને મોહરૂપ વનમાં પરિભ્રમણ ન કરે ત્યારે તે ચારિત્રરૂપજ થાય છે. તેથી તેવા આત્માનેજ ચારિત્ર સમજવું. એવા આત્મામાંથી સોળ કષાય ને નવ નોકષાયાદિ પાપ પ્રકૃતિઓ પણ નાશ પામે છે, અને યથાખ્યાત ચારિત્ર પ્રગટ થાય છે.

ઇચ્છા માત્રનો રોધ કરનાર, મનને સંવરી રાખનાર ( કબજે કરનાર ), આત્મપરિણતિને સમતા સાથે જોડી દેનાર અને નિજ ગુણનોજ ભોગી એવો જે આત્મા તેજ તપ છે. એવો તપ રૂપ આત્મા કષાયને ઘટાડે છે ને સમતાને વધારે છે તેમજ નિરંતર કર્મની નિર્જરા કરે છે.

નવપદનું નિશ્ચય સ્વરૂપ આ પ્રમાણેનું હોવાથી હે ભવ્યો ! તમે પોતાના આત્માનેજ નવપદમય જાણીને પોતાના આત્મસ્વરૂપમાંજ સદા લયલીન થાઓ અને તેમાં રહેલા સ્વાભાવિક ગુણોને પ્રગટ કરો.

આગમ તે જ્ઞાન અને નોઆગમ તે ક્રિયા, અથવા આગમ તે સિદ્ધાંતનો અનુપયોગ અને નોઆગમ તે શ્રુત જ્ઞાન વિનાના ચાર જ્ઞાન, અથવા આગમ તે જ્ઞાની અનુપયોગી અને નોઆગમ તે જ્ઞાની ઉપયોગી–ઇત્યાદિ આગમના ભેદોને જાણીને તેના સર્વ ભાવને સત્ય જાણી આત્માના અનંત જ્ઞાન અનંત દર્શન મયી ભાવમાં સ્થિર થાઓ, પરપુદ્ગલિક ભાવમાં ન રાચો, તેનાથી વિરકત થાઓ.

આઠ પ્રકારની સર્વ સમૃદ્ધિ જેમ ઘટમાંજ કહી છે તેમ નવપદની ઋદ્ધિ પણ ઘટમાંજ છે એમ જાણજો. તે કાંઇ બહાર લેવા જવી પડે તેમ નથી. એ વાતનો સાક્ષી આત્મરાજા પોતેજ છે, તેમાં બીજા સાક્ષીની અપેક્ષા નથી.

અનંતા તીર્થંકરોએ મોક્ષ પ્રાપ્ત કરવાના તેમજ આત્માને શુદ્ધ થવાના અસંખ્યાતા યોગ ( સાધન ) કહ્યા છે, પરંતુ તે સર્વમાં આ નવપદનું આરાધન કરવું તે મુખ્ય સાધન છે એમ જાણજો અને તેનું અવલંબન કરજો. કારણકે નવપદના ધ્યાન રૂપ આત્મધ્યાન તેજ પ્રમાણ છે.

આ પ્રમાણેની સર્વનય સંમત શ્રી વીરપરમાત્માની વાણી—દેશના સાંભળીને શ્રેણિક રાજા બહુજ હર્ષ પામ્યો અને આત્માના શુદ્ધ સ્વરૂપને ધ્યાતો સતો પોતાને સ્થાનકે ગયો. સર્વ પર્ષદા પણ સ્વસ્થાને ગઇ. ભગવંત શ્રી મહાવીર સ્વામી રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય પણ કુમતિ રૂપ અંધકારને ટાળતા અને ભવ્ય જીવ રૂપ કમળને પ્રતિબોધ કરતા–વિકસ્વર કરતા સતા પૃથ્વીતળપર વિહાર કરવા લાગ્યા.

આ પ્રમાણે શ્રેણિક રાજા પાસે શ્રી ગૌતમસ્વામીએ કહેલું શ્રીપાળ રાજાનું ચરિત્ર સંપૂર્ણ થાય છે. તેના પ્રાકૃત ચારિત્ર ઉપરથી શ્રી વિનયવિજય ઉપાધ્યાયે રાસ કરવા માંડ્યો તે અધુરો રહેવાથી શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયે તે પૂર્ણ કર્યો, તે રાસ ઉપરથી મારી બુદ્ધિ અનુસારે જે રહસ્ય સમજવામાં આવ્યું તે વાંચક વર્ગની સમક્ષ રજુ કર્યું છે. તેમાં મંદમતિપણા વિગેરે કારણથી જે કાંઈ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેને માટે મિચ્છામિદુક્કડ આપું છું.

શ્રીમદ્ ચિદાનંદજી કૃત

# પ્રશ્નોત્તર રત્નમાળા.

## વિવેચન સમેત.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

અનુસંધાન પૃષ્ટ ૧૫૬ થી.

આ અંકમાં આવેલા ૭૯ થી ૧૦૧ સુધીના ૨૩ પ્રશ્નોના ઉત્તર નીચે પ્રમાણે–

મોહ સમાન રિપુ નહીં કોઈ, દેખો સહુ અંતરગત જોઇ;
સુખમેં મિત્ત સકળ સંસાર, દુઃખમેં મિત્ત નામ આધાર. ૨૫.

ડરત પાપથી પંડિત સોઇ, હિંસા કરત મૂઢ સો હોઈ;
સુખિયા સંતોષી જગમાંહી, જાકું ત્રિવિધ કામના નાંહી. ૨૬.

જાકું તૃષ્ણા અગમ અપાર, તે મ્હોટા દુઃખિયા તનુ ધાર;
થયા પુરૂષ જે વિષયાતીત, તે જગમાંહે પરમ અભીત. ૨૭.

મરણ સમાન ભય નહીં કોઇ, પંથ સમાન જરા નવિ હોઈ;
પ્રબળ વેદના ક્ષુધા વખાણો, વક્ર તુરંગ ઇંદ્રિ મન જાણો. ૨૮.

કલ્પ વૃક્ષ સંજમ સુખકાર, અનુભવ ચિંતામણિ વિચાર;
કામગવી વર વિદ્યા જાણ, ચિત્રાવેલિ ભક્તિ ચિત્ત આણ. ૨૯.

સંજમ સાધ્યા સવિ દુઃખ જાવે, દુઃખ સહુ ગયાં મોક્ષપદ પાવે;
શ્રવણ શોભા સુણીએ જિનવાણી, નિર્મળ જિમ ગંગાજળ પાણી. ૩૦.

નયન શોભા જિનબિંબ નિહારો, જિનપડિમા જિનસમ કરી ધારો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય વચન મુખ શોભા સારી, તજ તંબોળ સંત તે વારી. ૩૧

કરકી શોભા દાન વખાણો, ઉત્તમ ભેદ પંચ તસ જાણો;
ભુજા બળે તરીએ સંસાર, ઇણવિધ ભુજા શોભ ચિત્ત ધાર. ૩૨.

નિર્મળ નવપદ ધ્યાન ધરીજે, હૃદય શોભા ઇણવિધ નિત કીજે;
પ્રભુગુણ મુક્તમાળ સુખકારી, કરો કંઠ શોભા તે ભારી. ૩૩.

૭૯ **મોહ સમાન રિપુ નહિં કોઇ, દેખો સહુ અંતરગત જોઇ;**–મોહ જેવો કોઈ પણ કટ્ટો શત્રુ દુનિયામાં નથી એ વાત આત્મામાંજ ઉંડો આલોચ કરતાં સમજી શકાય એવી છે. રાગ, દ્વેષ, કષાય, વિષયલાલસા, અહંતા અને મમતાદિક સર્વ મોહનોજ પરિવાર છે. તે જીવને જૂદીજૂદી રીતે ઘેરી તેની વિધવિધ રીતે વિડંબના કરે છે. 'હું અને મારૂં' એવા મંત્રથી મોહે આખી આલમને અંધ કરી દીધેલ છે, અને એજ મંત્ર જગતના જીવો સુખ બુદ્ધિથી ગણે છે; પણ તેથી પરિણામે કેટલું બધું દુઃખ થાય છે તે તો કોઇક વિરલાજ સમજી શકે છે. જો અનંતીવાર જન્મમરણના ફેરામાં ફરવાનું કંઇ પણ સબળ કારણ હોય તો તે રાગ, દ્વેષ અને મોહજ છે. તેનો અંત (ક્ષય) થયે છતે જન્મ મરણ સંબંધી સમસ્ત દુઃખનો સહેજેજ અંત થઇ જાય છે. એ વાત શાસ્ત્રથી, ગુરૂગમથી કે જાતિઅનુભવથીજ સારી રીતે સમજી શકાય એવી છે. આપણો આત્મા પ્રમાદવશાત્ મોહાદિક શત્રુઓના પાશમાં સપડાઇ ગયો છે તેમાંથી મુક્ત થવાની તેને પૂરેપૂરી જરૂર છે, અને તે ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ. જો આપણને આપણા શુદ્ધ સ્વરૂપનું એટલે આપણી આત્મશકિતનું યથાર્થ ભાન (જ્ઞાન) અને યથાર્થ શ્રદ્ધાન (પ્રતીતિ) થાય તો આપણને પોતાને પૂર્ણ ખાત્રી થાય કે આપણે આપણા કટ્ટા શત્રુઓના પાશમાં આપણીજ ભૂલથી સપડાયા છીએ: અને આપણે જાગૃત થઈ આપણી ભૂલ સુધારીને તે શત્રુઓની પુંઠ પકડીએ તો તેમનો ભાર નથી કે તે આપણને વધારે વખત પજવી શકે. મતલબ કે આપણને આત્મજાગૃતિની પૂરી જરૂર છે, એટલે કે આપણે આપણું ચરિત્ર બહુ ઉંચા પ્રકારે સુધારી લેવાની જરૂર છે, અને એમ થયે મોહાદિક શત્રુઓ આપોઆપ આપણાથી ત્રાસ પામીને પલાયન કરી જશે.

૮૦ **સુખમેં મિત્ત સકલ સંસાર, દુઃખમેં મિત્ત નામ આધાર**–પૂર્વ પુણ્યયોગે જ્યારે સકળ સુખસામગ્રી સંપ્રાપ્ત થઇ હોયછે ત્યારે તો બધાય મિત્ર થવા માગે છે; પણ જ્યારે કોઇ અંતરાયયોગે સુખસામગ્રીનો વિયોગ થાય છે ત્યારે આપદસમયે આવી ઉભા રહેનાર, તેમાં મદદગાર થનાર યાવત્ તે આપદથી મુક્ત કરવા પોતાથી બનતી દરેક કોશેશ કરનાર જે સખાઓ નીકળે તેજ ખરા મિત્ર છે. **પ્રશ્નોત્તર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્નમાલિકામાં આ પ્રશ્નનો આપેલો ઉત્તર મનન કરવા યોગ્ય છે, અને તે એ છે કે 'જીવને ભવિષ્યમાં ભયંકર દુઃખ આપે એવા પાપથી આપણને અળગા કરે, સદુપદેશવડે પાપથી થનારાં દુઃખની સમજ આપી આપણને પાપ આચરણથી નિવર્તાવે અને સન્માર્ગમાં સ્થાપે યાવત્ સન્માર્ગમાંજ સ્થિત કરે એજ આપણો ખરો મિત્ર સમજવો.' જ્યારે બીજા મિત્ર આ ભવમાંજ સહાયભૂત થાય છે ત્યારે ઉપર જણાવેલા સન્મિત્ર પરલોકમાં પણ સહાયભૂત થાય છે; માટે મોક્ષાર્થી જનોએ મિત્ર કરવા તો આવાજ મિત્ર કરવા લક્ષ રાખવું.**यतः किं मित्रं यन्निवर्त्तयति पापात्।**

૮૧ **ડરત પાપથી પંડિત સોઈ**—જે પાપ આચરણથી ડરતો રહે અને શુભાચરણમાં આગળ પગલાં ભરે તે પંડિત. પ્રશ્નોત્તર માલિકામાં આ પ્રશ્નનો આવો ખુલાસો છે કે **कः पंन्डितो ? विवेकी** એટલે પંડિત કોણ ? જેના હૃદયમાં વિવેક પ્રગટયો છે અને તે વિવેકના બળથી જેને જીવ, અજીવ, (જડ, ચૈતન્ય) પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરારૂપ નવ તત્ત્વનો યથાર્થ નિશ્ચય થયો છે, યથાર્થ તત્ત્વનિર્ણય થવાથી જેના હૃદયમાં નિશ્ચલ તત્ત્વશ્રદ્ધા થઇ છે અને તેથીજ આગામી કાળમાં આત્માને અનર્થકારી થાય તેવી પાપવૃત્તિથી જે અત્યંત ડરતો રહે છે તેમજ આત્માને ભવિષ્યમાં એકાંત હિતકારી માર્ગમાં આનંદથી પ્રવૃતિ કરે છે યાવત્ અન્ય યોગ્ય જનોને એવોજ સદુપદેશ આપે છે તેજ ખરો પંડિત છે.

૮૨ **હિંસા કરત મૂઢ સો હોઇ**—જગત્ માત્રને એકાંત સુખ દેનારી આપ્ત ઉપદિષ્ટ દયાની વિરોધિની હિંસક વૃત્તિને પોષે છે એટલે પરમ કૃપાળુ પરમાત્માએ જગત્ જંતુઓના એકાંત હિતને માટે ઉપદિશેલી ડહાપણ ભરેલી દયાનો માર્ગ મરડીને જે આપમતિથી વિપરીત વૃત્તિ આદરે છે તે ગમે તેવા સાક્ષર ગણાતા હોય તોપણ તત્ત્વદૃષ્ટિ જનો તો તેમને મહા મૂર્ખની કોટિમાંજ મુકે છે. કેમકે તે શુષ્કજ્ઞાની મોહવશાત્ એટલો પણ ઉંડો આલોચ કરી શકતો નથી કે '**સહુ કોઇ જીવિત વાંછે છે, કોઈ મરણ વાંછતા નથી**' '**જેવું આપણને દુઃખ થાય છે તેવુંજ સહુ કોઇને થાય છે.**' તો પછી જે આપણને પ્રતિકૂલ જણાય તેવો દુઃખદાયી પ્રયોગ બીજા પ્રાણી ઉપર શામાટે અજમાવવો જોઇએ ? આટલી બાબતજ જો ક્ષણભર સામ્ય ભાવ રાખીને વિચારવામાં આવે તો નિર્દય કામથી પાછું ઓસરી શકાય, અને જેમ તેમ તે વાત વધારે દયાર્દ્ર લાગણીથી વિચારવામાં આવે તેમ તેમ નિર્દય કામ કરતાં કંપારી છૂટે, અને છેવટે નિર્દય કામ કરી શકાયજ નહિ. જે મૂઢ માનવીઓ રાક્ષસોની પેરે રસનાની લોલુપતાથી માંસભક્ષણ અને આખેટક ( મૃગયા—જીવવધ ) કરે છે તે કઠોર દિલવાળા નર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુઓ પોતાની સમીપે મરણને શરણ થતા જાનવરોની દુઃખભરી લાગણીઓ શું જોઈ શકતા નથી ? શું તે દિન અનાથ જાનવરો પોતાનાં બાળબચ્ચાંને મૂકી તે નર દૈત્યોને અર્થે પોતાની ખુશીથી મરણને શરણ થવા ઇચ્છે છે ? જેમ નિર્દયતાથી તેમને તેમની ઈચ્છા વિરૂદ્ધ રીબાવીને મારી નાખવામાં આવે છે, તેમ આ નરદૈત્યોને તેમનાં બાળબચ્ચાંને કે તેમના વ્હાલા બીજા સંબંધીઓને મારી નાખવામાં આવે તો કેટલો બધો ત્રાસ જણાય ? તેટલોજ બલકે તેથી પણ અધિક ત્રાસ ઉક્ત પશુઓને નિર્દયપણે મારતાં થવોજ જોઈએ. તેની દયાજનક અપીલ કોની પાસે જઈ કરવી ? આ ભારતભૂમિ દયાના પ્રતાપથી આગળ જેવી દયાર્દ્ર અને પવિત્ર હતી તેવીજ અત્યારે નીચ સંસર્ગથી નિર્દય અને અપવિત્ર બની ગઈ છે. ફક્ત નિર્દયતા (નિરપરાધી પ્રાણીઓ ઉપર ગુજરતું ક્રૂર શાસન-ઘાતકીપણું )જ અત્ર નિયામક છે. તેનેજ દૂર કરવા પૂરતો પુરૂષાર્થ સેવવામાં આવે તો પુનઃ આ આર્યભૂમિ જેવી ને તેવી દીપી રહે. એમ સમજી પોતાની માતૃ-ભૂમિના ઉદ્ધાર માટે હરેક ભારતવર્ષી જને હિંસા પ્રતિબંધ માટે દૃઢ પ્રતિજ્ઞા કરવી જોઇએ.

૮૩. **સુખિયા સંતોષી જગમાંહી, જાકું ત્રિવિધ કામના નાંહિ—** જેને કોઈ પણ પ્રકારની વિષયવાંછા રહી નથી એવા સંતોષી સંત સુસાધુ જનોજ જગતમાં ખરા સુખીયા સમજવા. વિષયવાંછા એજ દુઃખ રૂપ છે. જેમ ક્ષુધા તૃષા વિગેરે દુઃખ રૂપ છે અને તેને શાંત કરવાને અન્ન પાનાદિકનો ઉપચાર કરવામાં આવે છે. તે ઉપચાર જો યથાવિધ લક્ષપૂર્વક કરવામાં આવે છે તો તો તે દુઃખ ઉપશાંત થાય છે. પરંતુ જો તેમાં અતિમાત્રાદિક અવિધિ દોષ સેવવામાં આવે છે તો વ્યાધિ પ્રમુખથી ઉલટી નવી ઉપાધિ ઉભી થાય છે અને તેને ટાળવા માટે અનેક પ્રકારના ઉપચાર કરવા પડે છે, તેમ ભિન્ન ભિન્ન જાતની વિષયવાંછના પણ દુઃખરૂપજ છે અને તે દુઃખને ઉપશમાવવા તેનો યોગ્ય પ્રતીકાર શાસ્ત્રનીતિથી સંભાળ પૂર્વક કરવાની જરૂર રહે છે; અને જો તેમાં અતિચાર થાય તો તે દુઃખ શમવાને બદલે વધવાનોજ સંભવ રહે છે. મન વચન અને કાયાના નિખિલ વિકારોને વશ કરવાને શાસ્ત્રકારે સમિતિ ગુપ્તિ રૂપ મુનિ ધર્મ અને સ્વદારાસંતોષાદિ રૂપ ગૃહસ્થધર્મ બતાવ્યો છે. તેની સદ્ગુરૂ સમીપે સારી રીતે સમજ મેળવી તે પ્રમાણે આચરણ કરનાર આત્માર્થી જન અવશ્ય અનુક્રમે ત્રિવિધ કામનાથી મુક્ત થઇ શકે છે; અને એજ સુખ-સંતોષની પરાકાષ્ઠા હોવાથી શાશ્વત સુખના અર્થી જનોએ આદરવા યોગ્ય છે. કહ્યું પણ છે કે ' न तोषात् परमं सुखं ' એટલે સંતોષ જેવું શ્રેષ્ઠ સુખ નથી અને ' न तृष्णायाः परो व्याधिः ' વિષય તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી. આથીજ શાસ્ત્રકારે જણા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યું છે કે ‘ વિષય-ઇંદ્રિયોને મોકળી મૂકવી એ આપદાનો માર્ગ છે અને તેને કાબુમાં રાખવી એ સુખ-સંપદાનો માર્ગ છે. એ બેમાંથી તમને જે માર્ગ પસંદ પડે તે માર્ગે ગમન કરો ’

૮૪ **જાકું તૃષ્ણા અગમ અપાર, તે મ્હોટા દુઃખીયા તનુધાર**— જેની તૃષ્ણાનો પારજ નથી અર્થાત્ જેની તૃષ્ણા અનંત અપાર છે તેના દુઃખનો પણ પાર નથી, એટલે તેનું દુઃખ પણ અનંત અપાર હોય છે. જ્ઞાની પુરૂષોએ લોભને અગ્નિની અને તૃષ્ણાને તેની જ્વાળાની ઉપમા આપી છે એટલે જેમ જેમ ઇંધનાદિક યોગે અગ્નિ પ્રબળ થતો જાય છે તેમ તેમ તેની જ્વાળા પ્રખર પરિતાપકારી થતી જાય છે. એવીજ રીતે લોભી માણસને જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભાંધતા વધીને તેની તૃષ્ણાને અમર્યાદિત બનાવે છે અને તે લોભાવિષ્ટને કેવળ દુઃખી દુઃખી કરી મૂકે છે. આવા અનંત અપાર દુઃખ દાવાનળના સતત પરિતાપથી બચવાને જેની પ્રબળ ઇચ્છા હોય તેણે લોભાંધતા મૂકી તૃષ્ણાને સંકુચિત (મર્યાદિત) કરી સંતોષવૃત્તિ સેવવા અભ્યાસ કરવો એજ ઉચિત છે.

૮૫ **થયા પુરૂષ જે વિષયાતીત, તે જગમાંહે પરમ અભીત**— જેમણે સંતોષવૃત્તિ ધારીને અભ્યાસયોગે અનુક્રમે વિષયવાસનાનેજ નિર્મૂળ કરી છે તેમને જગતમાં કંઇ પણ ભય રહેતો નથી. જેમણે રાગદ્વેષાદિક વિકાર માત્રનો વિનાશ કર્યો છે તેમને વિષયવાસના હોતીજ નથી એટલે તે જીવનમુક્ત છે, તેથી તેમને પુનર્જન્મ લેવો પડતોજ નથી. છેવટે આ નશ્વર દેહને અહીંજ તજી દેહાતીત થઇ અક્ષય, અનંત અને અવિચળ એવા મોક્ષસુખને પામે છે. એટલે જન્મ જરા અને મરણ સંબંધી સર્વ ભયથી સર્વથા મુક્ત થાય છે. જ્યાંસુધી જીવમાં રાગદ્વેષાદિક વિકારોને વશ થઇને વિષયવાસના જાગે છે ત્યાંસુધી તેને જન્મ જરા મરણ સંબંધી ભય માથે ઝઝુમી રહે છે; ત્યારે વિષયાતીતને કોઇ પણ જાતનો ભય રહેતોજ નથી. એમ સમજી પ્રાજ્ઞ જનોએ મન અને ઇંદ્રિયોને જ્ઞાની પુરૂષોના વચનાનુસારે દમી, શુદ્ધ સંયમ પાળી, વિષયાતીત નિર્ભયપદને પ્રાપ્ત કરવા માટે વિષયવાસના ટાળવા પ્રતિદિન ઉદ્યમ કરવો ઉચિત છે.

૮૬ **મરણ સમાન ભય નહિ કોઈ**—જગતના જીવોના મનમાં જે મોટામાં મોટો ભય કાયમ નિવાસ કરી રહે છે તે મરણનો છે, અને તે વાસ્તવિક છે. કેમકે તેની પાછળ બીજા પણ જન્મ, જરા, સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ અને ઉપાધિના ભય સાથે લાગ્યા રહે છે. જો મરણના મહાભયથી સર્વથા મુકત થવાય તો બીજા સાથે લાગેલા ભય તો આપોઆપ શમી જાય. એ મરણના મહાભયથી મુકત થવાને માટેજ સર્વજ્ઞ પરમાત્માએ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે રત્નત્રયીનું યથાવિધ આરાધન કરનાર આત્માર્થી જનો અવશ્ય જન્મમરણ સંબંધી સકળ ભયથી મુક્ત થઇ શકે છે; તેથી નિર્ભય સુખ ઇચ્છનારને માટે એજ કર્તવ્ય છે.

૮૭ **પંથ સમાન જરા નવિ હોઇ**—જેમ જરા અવસ્થાથી શરીર ખોખરૂં થઇ જાય છે, તેથી યૌવન વયની જેવું સામર્થ્ય તેમજ ઉલ્લાસ ટકી શકતો નથી, તેમ મ્હોટી મજલ કરવાથી માણસ એટલા બધા થાકી જાય છે કે તેમનાથી કંઇ પણ અગત્યનું કામ હોંશભર કરી શકાતું નથી, અને જે કંઇ અણછૂટકે કરવું પડે છે તેમાં પણ તેમને કંટાળો આવે છે. માટેજ અનુભવી લોકો કહે છે કે ગમે તેવડી મ્હોટી મુસાફરી પગે ચાલીને કરવાની હોય ત્યારે ‘ ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય ’ એ વચન અનુસારે શરીરથી સીઝે એટલોજ પંથ કરવો કે જેથી ભવિષ્યમાં વધારે સહન કરવું પડે નહીં. તેમજ આપણી વ્યવહારિક તથા ધાર્મિક કરણીમાં પણ ખલેલ પહોંચે નહિ.

૮૮ **પ્રબળ વેદના ક્ષુધા વખાણો**—બીજી બધી વેદના કરતાં ક્ષુધાની વેદના વધારે પ્રબળ કહી છે. બીજી વેદનામાં પ્રાયઃ મનમાં વૈરાગ્ય જાગે છે, પ્રભુનું નામ યાદ આવે છે, કે પરભવનું સાધન કરવા મનમાં પ્રેરણા થાય છે; ત્યારે ક્ષુધાના પ્રબળ ઉદય વખતે એ બધું હોય તે પણ પ્રાયઃ સૂકાઇ જાય છે. એ ક્ષુધા પરિસહને સહન કરનાર કોઇ વિરલ જ્ઞાની તપસ્વી સાધુ જનોજ હોય છે. તેવા સમતાવંત તપસ્વી સાધુઓ શિરસા વંદ્ય છે. શાસ્ત્રનિર્દિષ્ટ તપસ્યા ઉક્ત વેદનાને શમાવવાનો ઉત્તમ ઉપાય છે.

૮૯ **વક્ર તુરંગ ઇંદ્રિ મન જાણો**—શાસ્ત્રમાં ઇંદ્રિયોને તથા મનને અવળી ચાલના ઘોડા જેવા કહ્યા છે. જેમ અવળી ચાલનો ઘોડો અશ્વારને અણધારી વિષમ વાટમાં ખેંચી જઇ વિડંબનાપાત્ર કરે છે, પણ જો તેને કેળવનાર કોઇ કુશળ ( અશ્વવિદ્યામાં નિપુણ ) પુરૂષ મળે તો તેને એવો સુધારી શકે છે કે તેજ વાંકો ઘોડો અલ્પ વખતમાં તેના સ્વામીને ધારેલા સ્થાને પહોંચાડી દે છે. તેમ અણકેળવાયેલી અશિક્ષિત ઇંદ્રિયો તથા મન સ્વચ્છંદપણે મોજમાં આવે તેવા વિષયપ્રદેશમાં દોડીને આત્માને અનેક પ્રકારે દુઃખી કરે છે અને છેવટ દુર્ગતિમાં લઇજઇને નાખે છે; પણ જો સર્વજ્ઞ પ્રભુના વચનાનુસાર તેમને સારી રીતે કેળવ્યાં હોય તો તે સન્માર્ગમાં ચાલે છે અને સન્માર્ગમાં ટેવાઇ તે પોતાના સ્વામી–આત્માને સદ્ગતિનો ભોક્તા બનાવે છે. માટે શાસ્ત્રકાર ઉપદિશે છે કે ‘ જો તમે ભવભ્રમણનાં દુઃખ થકી ડરતા હો અને અચળ અવિનાશી અક્ષય અનંત અજરામર એવા મોક્ષસુખની ચાહના કરતા હો તો ઇંદ્રિયોને વશ કરવાને પ્રબળ પુરૂષાર્થ ફોરવો. ’ ‘ જો વિષયસુખનો જય કર્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સર્વ દુઃખનો અંત આવ્યો જાણવો.' આથી સમજાય છે કે સકળ સુખ સ્વાધીન કરવાની ખરી કુંચી મન અને ઇંદ્રિયોને શાસ્ત્રયુક્તિથી સ્વવશ કરી તેમનેં સન્માર્ગમાંજ દોરવામાં–ટેવવામાં સમાએલી છે; તેથી એજ કર્તવ્ય છે.

૯૦ **કલ્પવૃક્ષ સંજમ સુખકાર**—જેમ સર્વ વૃક્ષોમાં કલ્પવૃક્ષ ઉત્તમ દેવતરૂ ગણાય છે અને તેની છાયા, મૂળ, પત્ર, પુષ્પ અને ફળ સર્વે ઉત્તમ છે તેમ ' સંયમ સુખ ભંડાર ' સર્વજ્ઞદેશિત સંયમ સર્વ સુખનું નિધાન છે. વીતરાગ પ્રભુનાં નિષ્પક્ષપાતી વચન ઉપર અચળ આસ્થા એ સંયમનું મૂળ છે. યમ નિયમ વિગેરે તેનાં પત્ર છે. સહજ સમાધિરૂપ તેની શીતળ છાયા છે. ઉત્તમ દેવ મનુષ્ય ગતિ તેનાં સુગંધી પુષ્પ છે અને મોક્ષરૂપ તેનું સર્વોત્તમ ફળ છે. આવા એકાંત સુખદાયી સંયમની કોને ચાહના ન હોય ? પરંતુ અનાદિ કાળથી આત્મક્ષેત્રમાં ઉગી નીકળેલાં મિથ્યાત્વ, અજ્ઞાન, અને અવિરતિરૂપ ( weeds demerits ) દુર્ગુણો રૂપી નકામા હાનિકારક રોપાઓને ઉખેડી નાંખી પ્રથમ હૃદયભૂમિની શુદ્ધિ કરવા અક્ષુદ્રતાદિક યોગ્યતા સંપાદન કરી અનુક્રમે સર્વજ્ઞદેશિત સંયમના યા અધ્યાત્મના અવંધ્ય બીજરૂપ શુદ્ધ શ્રદ્ધાન રોપી તેમાં નિર્મળ જ્ઞાનરૂપ અમૃતનું સિંચન કરવામાં આવે છે, તો તેમાંથી પરમ સુખદાયક યમ નિયમાદિક સંયમયોગનો પ્રાદુર્ભાવ થાય છે; અને તેથી સ્વર્ગનાં તથા મોક્ષનાં ઉત્તમોત્તમ સુખ સંપ્રાપ્ત થઇ શકે છે. એમ સમજી આત્માર્થી જનોએ ઉક્ત દિશામાં વિશેષે ઉદ્યમ કરવો ઉચિત છે.

૯૧ **અનુભવ ચિંતામણિ વિચાર**—અનુભવજ્ઞાન ચિંતામણિ રત્ન જેવું અમૂલ્ય છે, તેથી ચિંતિત સુખ સાધી શકાય છે. તેનું ગ્રંથકારે એવું લક્ષણ બતાવ્યું છે કે ' વસ્તુ વિચારત ધ્યાવત, મન પાવે વિશરામ; રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ ' અર્થાત્ અમુક ધ્યેય વસ્તુને વિચારતાં કે ધ્યાવતાં મન શીતળતાને પામે અને તે વસ્તુના રસનું આસ્વાદન કરવા રૂપ સહજ સ્વભાવિક સુખ જેથી વેદવામાં આવે તેનું નામ અનુભવ.' 'શાસ્ત્ર તો વસ્તુની દિશા માત્ર બતાવે છે, ત્યારે તેનો પાર તો અનુભવજ પમાડે છે.' ' અનુભવજ્ઞાન કેવળજ્ઞાન રૂપી સૂર્યનો અરૂણોદય છે. ' 'કોની કોની કલ્પના રૂપી કડછી શાસ્ત્રરૂપી ક્ષીરમાં ફરતી નથી, પરંતુ અનુભવ રૂપી જીભવડે તે શાસ્ત્રક્ષીરનું આસ્વાદન કરનાર કોઇક વિરલાજ હોય છે. ' આ બધાં સૂક્ત વચનો અનુભવજ્ઞાનનો અપૂર્વ મહિમા પ્રદર્શિત કરે છે, એમ સમજી જેથી પોતાના શુદ્ધ આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય તેવા અનુભવજ્ઞાન માટેજ યત્ન કરવો ઉચિત છે.

૯૨ **કામગવી વર વિદ્યા જાણ**—અત્ર સદ્ વિદ્યાને કામધેનુ જેવી સુખદાયી કહી છે. જેમ કામધેનુ સહુ જાતની મનકામના પૂરે છે તેમ સદ્વિદ્યા પણ પૂરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. 'તત્ત્વધીર્વિદ્યા' એ વચનાનુસારે વસ્તુને વસ્તુસ્વરૂપે જેથી જાણી શકાય, એટલે વસ્તુનું યથાર્થ સ્વરૂપ ઓળખાવનારી વિદ્યા સદ્વિદ્યા કહેવાય છે, અને તેથી વિપરીત વિદ્યા અવિદ્યા કહેવાય છે. તે **અવિદ્યાનું** સ્પષ્ટ લક્ષણ આવું કહ્યુંછે કે 'અનિત્ય, અશુચિ અને પરવસ્તુને નિત્ય, પવિત્ર અને પોતાની માનવી.' આવી અવિદ્યા, મિથ્યા ભ્રાંતિ યા અજ્ઞાનને પરિહરવા પ્રયત્ન કરવો એ પ્રથમ જરૂરનું છે. તે વિના કામધેનુ સમાન શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત થઇ શકતીજ નથી, અને તે વિના આત્મકલ્યાણ પણ સાધી શકાતું નથી. માટે આત્માર્થી જનોએ સદ્ગુરૂ સંગે સદ્વિદ્યાજ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો ઉચિત છે.

૯૩ **ચિત્રાવેલી ભકિત ચિત્ત આણુ**—અત્ર ભક્તિને ચિત્રાવેલી સાથે સરખાવી છે. જેમ ચિત્રાવેલીથી સુવર્ણસિદ્ધિ થાય છે તેમ ભક્તિથી પણ ભવ્ય જનોની મનકામના પૂર્ણ થાય છે, એટલુંજ નહિ પણ તેથી સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ)-ની પણ પ્રાપ્તિ થઈ શકે છે. બીજાં સાધન કરતાં ભક્તિનું સાધન સુલભ છે એટલુંજ નહિ પણ સંગીન સુખ આપનારૂં પણ છે. જ્ઞાનાદિક અન્ય સાધનમાં મદ આવવાનો ભય છે ત્યારે ભકિતમાં એવા ભયને અવકાશજ મળતો નથી. ભકિતથી તો નમ્રતાદિક સદ્ગુણશ્રેણિ દિન પ્રતિદિન વધતીજ જાય છે. ભકિતની ધુનમાં મચેલા ભદ્રિક જીવ પોતાનું ભાન ભૂલી જઈ ભગવંત સાથે એકમેક થઈ જાય છે. તેથીજ અનેક ભકત જનો ભકિતના સુલભ માર્ગે વળેલા જણાય છે.

૯૪ **સંજમ સાધ્યાં સવિ દુઃખ જાવે, દુઃખ સહુ ગયાં મોક્ષપદ પાવે**—સંયમ એટલે આત્માનો નિગ્રહ કરવો, તે આવી રીતે કે અનાદિ અવિદ્યાના યોગે જીવ જે ઉન્માર્ગે ચડી ગયો છે—હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહમાં લુબ્ધ બન્યો છે, પાંચે ઇંદ્રિયોને પરવશ પડ્યો છે, ક્રોધાદિક કષાયને સુખબુદ્ધિથી સેવે છે અને મન વચન તથા કાયાના યથેચ્છ વ્યાપારમાંજ સુખબુદ્ધિ માની બેઠો છે તે તેની અનાદિની ભૂલ સુધારી તેને સન્માર્ગમાં જોડવો, એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતા ( નિસ્પૃહતા ) રૂપ મહાવ્રતોનું યથાવિધ સેવન કરવું. વિષય-ઇંદ્રિયોને કાબુમાં રાખવી એટલે વિષયમાં થતી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પંચ વિકાર બુદ્ધિને ટાળવી. ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષ વૃત્તિથી કષાયનો જય કરવો અને જ્ઞાન ધ્યાન તપ જપવડે મન વચન તથા કાયાના દુષ્ટ વ્યાપારનો રોધ કરવો, એવી રીતે ૧૭ પ્રકારે સંયમને યથાર્થ પાળનારનાં ભવભ્રમણ સંબંધી સકળ દુઃખ દૂર જાય છે; એટલે તેને ભવભ્રમણ કરવું પડતુંજ નથી, અને સકળ કર્મમળનો સંપૂર્ણ ક્ષય કરીને તે અજરામર સુખને પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૫ **શ્રવણ શોભ સુણિયે જિનવાણી, નિર્મળ જેમ ગંગાજલ પાણી**—જેમ ગંગાજળ નિર્મળ–મલરહિત છે તેમ જિનેશ્વર પ્રભુની વાણી રાગ દ્વેષ અને મોહરૂપ મળથી સર્વથા મુક્ત છે. કેમકે સર્વજ્ઞ પરમાત્મામાં ઉક્ત દોષનો સર્વથા અભાવજ હોય છે, અને તેથીજ તેમની વાણી નિર્મળ કહી છે. એવી નિર્મળ જિનવાણીનું કર્ણપુટથી પાન કરવું એજ શ્રવણ ઇંદ્રિયની ખરી શોભા છે. અજ્ઞાની જનો પોતાના કાનને કલ્પિત સુવર્ણાદિક ભૂષણોથી શોભાવવા પ્રયત્ન કરે છે, ત્યારે તત્ત્વરસિક જનો પોતાનાં કર્ણને સહજ નિરૂપાધિક સુવર્ણ ( ઉત્તમ વર્ણ–અક્ષરાત્મક વચનપંક્તિ ) વડે સુશોભિત કરે છે, અને એમ કરીને પોતાની સકર્ણતા સાર્થક કરે છે.

૯૬ **નયન શોભા જિનબિંબ નિહારો, જિનપડિમા જિન સમ કરી ધારો**—જેવી રીતે જિનવાણીનું શ્રવણ કરવું એ કર્ણની શોભા છે, તેવીજ રીતે જિનમુદ્રા—જિનપડિમાનાં દર્શન કરવાં એ નયનનું ભૂષણ છે. જેમ જિનવાણીથી હૃદયમાં વિવેક પ્રગટે છે તેમ જિનદર્શનથી પણ વિવેક પ્રગટે છે; તે એવી રીતે કે પ્રભુમુદ્રા જોતાં પ્રભુનું મૂળ સ્વરૂપ સ્મરણમાં આવે છે, અને પ્રભુના સ્વરૂપનું યથાર્થ ભાન થતાં તેવુંજ આપણું પોતાનું આત્મસ્વરૂપ સત્તાગત રહેલું છે તેની ઝળક પડે છે અને સ્થિર અભ્યાસે પ્રભુસ્વરૂપના સાનિધ્યથી આપણે પણ પ્રભુ સદૃશ થવાને શીખીએ છીએ. જેમ જેમ આપણે પ્રભુમુદ્રાથી પ્રતીત થતા ગુણનો અભ્યાસ કરતા જઇએ છીએ તેમ તેમ આપણે આપણા અંતરમાં ઢંકાઈ રહેલા ગુણોને પ્રગટ કરવામાં સફળ થઇએ છીએ; અને એમ અંતે પ્રભુ સાથે અભેદ ભાવે મળી જતાં પ્રભુ સદૃશ અસાધારણ પુરૂષાર્થ ફોરવતાં આપણે પણ પ્રભુરૂપ થઇ શકીએ છીએ. આવી સર્વોત્તમ પદવી પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન જિનવાણી અને જિનમુદ્રા છે અને તેથીજ તેને સાક્ષાત્ જિનેશ્વર સદૃશ ગણેલ છે એવો નિર્ણય થાય છે.

૯૭ **સત્ય વચન મુખ શોભા સારી, તજ તંબોળ સંત તે વારી**—જેમ નયનની શોભા જિનબિંબને નિહાળી જોવામાં કહી તેમ મુખની શોભા મિષ્ટ પથ્ય અને સત્ય વચન બોલવામાંજ કહી છે. કેટલાક મુગ્ધ જનો તંબોળ ચાવવાથી મુખની શોભા વધે છે એમ ધારે છે અને કરે છે, પણ તે શોભા કેવળ કૃત્રિમ અને ક્ષણિક છે. ત્યારે સત્શાસ્ત્ર અનુસારે સત્ય વચન ઉચ્ચારથી થતી મુખશોભા સહજ અને ચિરસ્થાયી છે. તેથીજ ઉપદેશમાલાકારે વચન બોલતાં આ પ્રમાણે ઉપયોગ રાખવા સૂચવ્યું છે કે 'મધુર વચન બોલવું પણ કટુક નહિ, ડહાપણ ભરેલું બોલવું પણ મૂર્ખવત્ નહિ, થોડું બોલવું પણ ઘણું નહિ, પ્રસંગ પૂરતું બોલવું પણ અતિ પ્રસંગ થાય તેવું નહિ, નમ્ર વચન વદવું પણ ગર્વયુક્ત નહિ, ઉદાર વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચરવું પણ તુચ્છ નહિ,આ વચનનું કેવું પરિણામ આવશે એમ પ્રથમ વિચારીને બોલવું પણ વગર વિચાર્યું નહિ, અને જેથી સ્વપરને હિત થાય તેવું સત્ય વચન બોલવું પણ અસત્ય અહિતકર એવું અધર્મયુક્ત નહિ, વિવેકી પુરૂષો એવુંજ વચન વદે છે અને એજ મુખનું મંડન છે. પ્રશ્નોત્તર રત્નમાલિકાકારે પણ કહ્યું છે કે ' किं वाचां मंडनं सत्यं ' એટલે વાણીની શોભા શી ? ઉત્તર–સત્ય. આ વાત ઉપર વધારે ભાર મૂકીને કહેવા યોગ્ય છે કે આજ કાલ કારણે કે અકારણે લોકો સત્ય ઉપર પ્રહાર કરે છે–પ્રહાર કરવા ટેવાયેલાં છે. તેમણે સ્વપરના હિત માટે અસત્ય પક્ષ તજીને સત્ય પક્ષ અંગીકાર કરવાજ યત્ન કરવો ઉચિત છે. એમ કરવાથીજ સ્વપરનો ઉદય થશે. યતઃ सत्यमेव जयति.

૯૮ **કરકી શોભા દાન વખાણો,ઉત્તમ ભેદ પંચ તસ જાણો**–જેમ મુખની શોભા સત્ય બોલવામાં છે તેમ હાથની શોભા દાન દેવામાં છે. તે દાનના શાસ્ત્રમાં પાંચ ભેદ બતાવેલા છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્તિદાન અને ઉચિતદાન એ તેના પાંચ પ્રકાર છે. તેના પણ દ્રવ્યભાવથી બે બે ભેદ થઇ શકે છે. લક્ષ્મી પ્રમુખ દ્રવ્ય સાધનથી દાન તે દ્રવ્ય દાન છે, અને જ્ઞાનાદિક ભાવ સાધનથી દાન તે ભાવદાન છે. જે લક્ષ્મી પ્રમુખનો દુર્વ્યસનોમાં વ્યય કરવો તે દુર્ગતિનું કારણ છે, અને તેજ લક્ષ્મી પ્રમુખનો સપ્ત ક્ષેત્રાદિક શુભ માર્ગે વ્યય કરવો તે સદ્ગતિનું કારણ છે. તેમાં પણ સદ્વિવેકયોગે જે જે સ્થળે દ્રવ્ય વ્યય કરવાની વિશેષે જરૂર જણાય તે તે સ્થળે તેનો વ્યય કરવામાં અધિક લાભ છે. જ્ઞાન દર્શન ચારિત્ર પ્રમુખનું દાન તે ભાવદાન કહેવાય છે, અને તેવું ભાવપ્રધાન દાન દ્રવ્યદાન કરતાં ઘણુંજ ચઢીયાતું છે; તેથી તે ઉભય પ્રકારનું દાન અનુક્રમે આરાધવા યોગ્ય છે, અને એજ સદ્ભાગ્ય યોગે પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીનું ઉત્તમ ફળ છે.

૯૯ **ભુજા બળે તરીએ સંસાર, ઇણ વિધ ભુજા શોભ ચિત્ત ધાર**–ભુજાબળે એટલે નિજ પરાક્રમથી—પુરૂષાર્થથીજ સંસારસમુદ્ર તરી શકાય છે. તેવી ઉત્તમ ભુજા પામીને જો પોતાનું પરાક્રમ સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રયીનું આરાધન કરવા માટે ફોરવવામાં આવે તો તેથી સંસારસમુદ્ર તરવો સુતર પડે છે. આ દુનિયામાં સ્પર્ધા, દ્વેષ, ઇર્ષા અને મોહને વશ થઈ રણસંગ્રામ વિગેરેમાં પોતાની ભુજાનો ઉપયોગ કરનાર અનેક જનો નીકળે છે, પરંતુ પૂર્વોક્ત દોષસમૂહને દળી પવિત્ર રત્નત્રયીનું યથાવિધ આરાધન કરવામાં સ્વવીર્યનો સદુપયોગ કરનારા કોઈ વિરલાજ નરરત્નો નીકળી આવે છે, અને એજ ખરૂં ભુજાબળ શોભાકારી અને પ્રશંસનીય છે. આત્માર્થી જનોએ પોતાના ભુજાબળનો સદુપયોગ કરવો ઉચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૧૦૦ નિર્મળ નવપદ ધ્યાન ધરીજે, હૃદય શોભા ઇણ વિધ નિત કીજે**—હૃદય એ વિવેકનું સ્થાન છે. જે એ હૃદયને કેળવી જાણે છે તેનામાં સદ્‌વિવેક જાગે છે, અને તેથી તે હિતાહિતનો નિશ્ચય કરીને અહિતનો ત્યાગ કરી હિત ભણી પ્રવૃત્તિ કરે છે. જયારે મોહવશ જગત્ અસત્ પ્રવૃત્તિ પસંદ કરે છે ત્યારે વિવેકી હૃદય સદ્‌પ્રવૃત્તિ અથવા નિવૃત્તિજ પસંદ કરે છે. તે સત્ પ્રવૃત્તિને પણ નિવૃત્તિને માટેજ સેવે છે. નિવૃત્તિમાંજ સાચું સુખ, શાંતિ યા સમાધિ સમાયેલ છે. તેથીજ જેમણે સંપૂર્ણ સુખ શાંતિ સમાધિને સ્વાધીન કરેલ છે એવા અરિહંતાદિક નવપદનું વિવેકવંત નિજ હૃદયમાં અપૂર્વ શાંતિનો સાક્ષાત્ અનુભવ કરવા એકાગ્રપણે ચિંતવન રૂપ ધ્યાન કરે છે, અને દ્રઢ અભ્યાસયોગે અરિહંતાદિક નિર્મળ નવપદમાં લયલીન થઇ આત્માની અપૂર્વ શાંતિનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. હૃદયકમળ ધ્યાન કરવા માટે એક નિર્મિત સ્થાન છે, તેમાં અરિહંતાદિક ધ્યેયનું વિવેક પૂર્વક ધ્યાન કરવાથી અનુક્રમે દ્રઢ અભ્યાસથી તે ધ્યાનની સિદ્ધિ થાય છે. એટલે ધ્યાતા ધ્યેય અને ધ્યાનનો ભેદભાવ મટી તેમાંથી સમરસી ભાવ પ્રગટે છે. એ સમરસી ભાવનું સુખ સમરસીભાવવેદીજ જાણે છે, અર્થાત્ તે અનુભવગમ્ય હોવાથી વચનઅગોચર છે. પણ તેની પ્રાપ્તિનો ખરો ઉપાય નિજ હૃદયકમળમાં નવપદને સમજ પૂર્વક એકાગ્રપણે ધ્યાવવા એ છે; તેથી આત્માર્થી જનોએ બીજી બધી ધમાલ મૂકીને શાંતવૃત્તિથી પોતાના હૃદયમાં એજ ધ્યાવવા યોગ્ય છે.

**૧૦૧ પ્રભુગુણ મુકતમાળ સુખકારી, કરો કંઠશોભા તે ભારી**—મુકતમાળ એટલે મુકતાફળ જે મોતી તેની માળા ( મોતીની માળા ) જેમ કંઠે ધરવામાં આવે છે તો કંઠ સારી શોભા પામે છે, તેમ જો જિનેશ્વર પ્રભુના કેવળ જ્ઞાન દર્શન ચારિત્ર પ્રમુખ અનંત ઉજ્વળ ગુણરૂપી મુક્તાફળની માળા કંઠે ધરવામાં આવે છે, એટલે જો પ્રભુના સદ્‌ગુણોનુંજ રટન કરવામાં આવે છે અથવા મધુર કંઠથી પ્રભુના પરમ ઉજવળ ગુણોનું ગાન કરવામાં આવે છે તો તેથી કંઠની સાર્થકતા થાય છે. સ્વાર્થવશ જીવ કોની કોની ખુશામત કરતો નથી ? જેનામાં સદ્‌ગુણની શ્રેણિ પ્રગટી નથી અને જે દોષમાં ડૂબેલા છે તેવાની ખુશામતથી કંઇ વળતું નથી. જે ખરી પૂર્ણતાને પ્રાપ્ત થયેલા છે તે કોઇની ખુશામત ઇચ્છતા પણ નથી. એવા પૂર્ણાનંદ પ્રભુનાજ ગુણગ્રામ અહોનિશ ગાવા ઉચિત છે કે જેના ગુણગાન કરવાથી એવાજ ઉત્તમ ગુણની આપણને પ્રાપ્તિ થઇ શકે. કહ્યું છે કે '**જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ**—ઉત્તમ લક્ષથી પ્રભુના ગુણ ગાનાર પોતાના સકળ દોષોનો અંત કરીને પ્રભુના પવિત્ર પદને પામી શકે છે. એમ સમજી કૃપણ અને નીચ-નાદાન જનોની સંગતિ તજી સત્સંગથી પ્રભુનું સ્વરૂપ યથાર્થ ઓળખી પ્રભુભક્તિમાં પોતાનું ચિત્ત જોડી દેવું ઉચિત છે. **અપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મરસિક શ્રીમાન્ ચિદાનંદજી કૃત

# सारभूत सवैया (तेइसा*)

ધીર વિના ન રહે પુરૂષારથ નીર વિના તરષા નવિ જાવે,
ભૂપ વિના જગનીતિ રહે નહિ રૂપ વિના તનશોભા ન પાવે;
દીપ વિના રજની નવિ ફીટત દાન વિના ન દાતાર કહાવે,
જ્ઞાન વિના ન લહે શીવ મારગ ધ્યાન વિના મન હાથ ન આવે. ૧
પંથીક આય મિલે પંથમે ઈમ દોય દિનોંકા હુય જગમેલા,
નાહિ કિસીકા રહા ન રહેગા કોન ગુરૂ અરૂ કોનકા ચેલા;
શ્વાસ તો છીજત સુણુ એસેજયું જાત વહી જેસા પાણીકા રેલા,
રાજ સમાજ પડાહી રહે સહુ હંસા તો આખર જાત અકેલા. ૨
ભૂપકા મંડણુ નીતિ વહે નીત રૂપકા મંડણુ શીલ સુજાણો,
કાયાકા મંડણુ હંસ ચહે જગ માયાકા મંડણુ દાન વખાણો;
ભોગીકા મંડણુ હે ધનથી કુનિ જોગીકા મંડણુ ત્યાગ પિછાણો,
જ્ઞાનીકા મંડણુ જાણુ ક્ષમા ગુણુ ધ્યાનીકા મંડણુ ધીરજ જાણો. ૩
એક અનિષ્ટ લગૈ અતિ દેખત એક લગૈ સહુકું અતિ પ્યારા,
એક ફિરે નિજ પેટકે કારણુ એકકે હોય લખકોટિ આધારા;
એકનકું [1]પનહિ નહિ પાવત એકનકે શિર છત્ર જયું ધારા,
દેખ ચિદાનંદ હે જગમેં યુંહિ પાપ અરૂ પુન્યકા લેખાહિ ન્યારા. ૪
પાપ અરૂ પુન્યમે ભેદ નહી કછુ બંધનરૂપ દોઉ તમે જાણે',
મોહની માત અરૂ તાત દોહુ કો જયું મોહમાયા બળવાન વખાણો;
બેડી તો કંચન લોહમયિ દોઉ યા વિધ ભાવ હિયે નિજ આણો,
હંસ સ્વભાવકું ધારકે આપણો દોઉથી ન્યારો સ્વરૂપ પિછાણ્યો. ૫
પૂજત હે પદપંકજ તાકે જયું ઈંદ નરિંદ સહુ મિલિ આઈ,
ચાર નિકાયકે દેવનિયૈયુત કષ્ટ પડે જાકું હોત સહાઈ;
ઉરધ ઓર અધોગતિકી સબ વસ્તુ અગોચર દેત લખાઈ,
દુર્લભ નાહિ કછુ તિનકું નર સિદ્ધિ સુધ્યાન મયિ જિન પાઈ. ૬
જાણુ અજાણુ દોઉમે નહીં જડ પ્રાણી ઐસા [2]દુર્વીદગ્ધ કહાવે,
[3]વિરંચ સમાન ગુરૂ જો મિલે તોહિ [4]વ્યાલ તણી પરે વાંકોહિ જાવે;

* દરેક પદમાં ત્રેવીશ અક્ષર હોય તે તેઇસા (ત્રેવીશા) સવૈયા કહેવાય છે.
૧. મોજડી, પગરખાં. ૨. અર્ધદગ્ધ, મૂર્ખ. ૩ બ્રહ્મા, ૪ સર્પ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણ્ વિના એકાન્ત ગહે સબ આપ તપે પરકું જયું તપાવે,
વાદ વિવાદ કહા કરે મૂરખ વાદ કીયે કછુ હાથ ન આવે. ૭
વેલુકું પીલત તેલ લહે નહીં [5]તુપ લહે નહીં [6]તોય વિલોયા,
સિંગકું[7] દોહત દૂધ લહે નહીં પાન લહે નહીં ઓખર [8]બોયા;
બાઉલ બોવત અંબ લહે નહીં પુન્ય લહે નહીં પારકો [9]તાયા,
અન્તર શુદ્ધતા વિણુ લહે નહીં ઉપરથી તનકું નિત ધોયા. ૮

**ભાવાર્થ**—કાયરતા રહિત ધીર પુરૂષવડેજ પુરૂષાર્થ સધાય છે. ધીરજ વડેજ પુરૂષાર્થ ટકે છે. પુરૂષાર્થ સાધવામાં ધૈર્યની મુખ્ય જરૂર છે. જળથીજ તૃષા શમે છે. નરપતિથીજ લોકનીતિ જળવાઇ રહે છે. ઇંદ્રિય પટુતા, સુંદર-મજબુત બાંધો અને નીરોગતા વડેજ શરીર શોભાને પામે છે. દીપકવડેજ રજની (રાત્રિ) સુખે નિર્ગમી શકાય છે. ઉદારતાથી દાન દેવા વડેજ દાતાર કહેવાય છે, તેમ યથાર્થ જ્ઞાનવડેજ મોક્ષમાર્ગ મેળવી શકાય છે, અને એકાગ્રતા વડેજ મનને વશ કરી શકાય છે. મતલબ કે મોક્ષમાર્ગ પામવા યથાર્થ જ્ઞાનની અને સ્વમનને વશ કરવા પરમાત્મતત્ત્વમાં એકતાન કરવાની ખાસ જરૂર છે. એજ એનો અમોઘ ઉપાય છે.૧.

જેમ વટેમાર્ગુ વાટમાં આવી મળે અને થોડોક વખત સાથે રહી પોતાના રસ્તે પડે છે પણ કાયમ સાથે ને સાથેજ રહેતા નથી, તેમ કોઇનો કોઇ સાથે સંયોગ કાયમને માટે બન્યો નથી અને બનવાનો પણ નથી. ગમે તો રાજા હોય કે રંક હોય, ગુરૂ હોય કે શિષ્ય હોય, સહુને આ નિયમ એક સરખો લાગુ પડે છે. જેમ પાણીનો રેલો ક્ષણમાત્રમાં વહી જાય છે તેમ આયુષ્ય જોતજોતાંમાં વહી જાય છે; અને બધી ઋદ્ધિસિદ્ધિ અહીંજ અનામત મૂકીને આઉખાની દોરી તુટતાંજ જીવને એકલા પરલોક–ગમન કરવું પડે છે. એક પળમાત્ર પણ આઘી પાછી થઇ શકતી નથી, તેથી સમજુ માણસોએ પ્રથમથીજ ચેતી જઇ પરલોકને માટે શુભ સાધન કરી રાખવાની પૂરતી જરૂર છે. નહીં તો પછી ' દવ બળશે ત્યારે કૂવો ખણવાનું બની શકશે નહીં.' આ વાત ચોક્કસ સમજી રાખજો. ૨.

ન્યાય–નીતિથીજ રાજ્યતંત્ર ચલાવનાર રાજા શોભી નીકળે છે. રૂપવાન માણસ શીલસંયુકત હોય તોજ શોભી નીકળે છે. દેહમાં ચેતન હોય ત્યાંસુધીજ તે શોભા પામે છે; પછી નિર્જીવ થયેલો દેહ નકામો થઇ પડે છે. દાન દેવા વડેજ લક્ષ્મી શોભે છે. લક્ષ્મી વડેજ ભોગી પુરૂષ શોભે છે. તેમ યોગી પુરૂષો ત્યાગ–વૈરાગ્ય વડેજ,

૫ ઘી. ૬ જળ. ૭ શીંગડાં, ૮ ઉખર ક્ષેત્રમાં વાવેલું હોય તો. ૯ અન્યને સંતાપ્યાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની પુરૂષો ક્ષમા વડેજ, અને ધ્યાની પુરૂષો ધીરજ વડેજ જગતમાં શોભા પામે છે. એમ સમજી સારભૂત સદ્‌ગુણ પ્રાપ્ત કરવા સહુએ સજ્જ થવું ઉચિત છે. ૩.

જગત્‌માં પાપનો અને પુન્યનો પ્રગટ પટાંતરો જોઇને વિવેકી જનોએ (પાપી) પ્રમાદને તજી જાગૃત રહેવું. અઘોર પાપી માણસ સહુ કોઇને અળખામણો લાગે છે, ત્યારે પુણ્યાત્મા સહુ કોઈને પ્રિય લાગે છે. એક જ્યારે ભિક્ષાને માટે આમ તેમ ભટકયા કરે છે, ત્યારે બીજો ક્રોડોગમેને આધાર આપે છે. એકને જ્યારે મોજડી પણ પહેરવા મળતી નથી ત્યારે બીજાના શિરપર શ્વેત છત્ર ધરાયું રહે છે. પાપ પુણ્યના પ્રગટ ફળ આવી રીતે વિચારી—નિર્ધારીને સુજ્ઞ જનોએ પાપ તજી પુણ્યના માર્ગેજ પળવું જોઇએ. ૪.

મુમુક્ષુ જનોએ તો પુણ્ય અને પાપ એ ઉભયને બંધનરૂપ સમજી નિર્ધારીને ભેદ ભાવ વગર તજી દેવાં જોઇએ. કેમકે તે બંને એકજ માત અને એકજ તાતના છૈયાં જેવાં છે. પ્રબળ મોહરૂપ પિતા અને માયારૂપ માતાનાંજ બંને ફરજંદ જાણી તેમની ઉપેક્ષાજ કરવી. વળી પુણ્યને કંચનની બેડી જેવું અને પાપને લોહની બેડી જેવું હૃદયમાં સમજી હંસની પેરે વિવેકથી પોતાના આત્માનું રૂપ એ ઉભયથી ન્યારૂંજ લેખવવું. પુણ્ય અને પાપ રૂપ શુભાશુભ કર્મ માત્રના ક્ષયથીજ મોક્ષ છે. મતલબ કે મુમુક્ષુ જનોએ નિષ્કામ વૃત્તિથી (કંઇ પણ ફળની ઇચ્છા વગર) સ્વકર્તવ્ય પરાયણ રહેવું ઘટે છે. એમ કરતાં પ્રબળ પુરૂષાર્થયોગે સકળ કર્મના ક્ષયથી વગર ઇચ્છાએ મોક્ષ પ્રાપ્ત થાય છે. ૫.

નિર્મળ ધ્યાનના પ્રભાવે જેમના ઘટમાં સકળ ઋદ્ધિસિદ્ધિ પ્રગટી છે તેમને દુનિયામાં કશુંજ દુર્લભ નથી. સકળ ઇંદ્રો અને નરેન્દ્રો આવી તેમના પવિત્ર ચરણકમળને પૂજે છે. વળી કષ્ટ વખતે ચારે નિકાયના દેવો વિનયયુક્ત આવીને તેમને સહાયભૂત થાય છે, તેમજ ત્રિલોક અંતર્વર્તી સકળ પદાર્થો તેમને હસ્તામળની જેમ સ્ફુટ જણાઇ જાય છે. ઉત્તમ ધ્યાનનો એવો પ્રગટ પ્રભાવ જાણી આર્ત રૌદ્રરૂપ અશુભ ધ્યાનનો સર્વથા ત્યાગ કરી ધર્મ અને શુક્લ ધ્યાન સિદ્ધ કરવા માટેજ મુમુક્ષુ જનોએ અહોનિશ ઉદ્યમ કરવો. કેમકે ' સવિ જીવ કરૂં શાસન રસી ' એવા ઉત્તમ અધ્યવસાયયુક્ત વીશ સ્થાનક તપનું યથાવિધ આરાધન કરી નિર્મળ ધ્યાનયોગે જીવ તીર્થંકરપદવી પણ પામી શકે છે. ૬.

પાત્રને આપેલો હિતોપદેશ હિતરૂપે પરિણમે છે ત્યારે કુપાત્રમાં તેજ હિતોપદેશ અહિતપણે પરિણમે છે, તેથી તે તેને અનર્થકારી થાય છે. સરલ, નમ્ર, મધ્યસ્થ અને તત્ત્વજિજ્ઞાસુ એવા ભવ્યજનો સદુપદેશને યોગ્ય છે. તેમને તે બહુજ ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે પરિણમે છે. બાકી જે કંઇ પરમાર્થ જાણતા–સમજતા નથી છતાં પોતે પરમાર્થ જાણે છે–સમજે છે એમ માની બેસનાર અર્ધદગ્ધ જનો તો સદુપદેશને યોગ્યજ નથી. કદાચ એવા દુર્વિદગ્ધ જનને સમજાવવા બ્રહ્મા જેવો ગુરૂ મળે તોપણ તે વ્યાલ (સર્પ)ની પેરે વક્રતા તજતાજ નથી. પંડિત પુરૂષો જ્યારે પોતાનું મન યુક્તિ તરફ વાળે છે એટલે યુક્તિવાળાં આગમ વચનોને માન્ય કરે છે, ત્યારે અર્ધદગ્ધ બકર લોકો ગમે તેવી સબળ યુક્તિનું પણ ખંડન કરવાજ પ્રવર્તે છે. જે વાત તેમના મનમાં પ્રથમથી ઠસી હોય ત્યાંજ યુક્તિને ખેંચી જાય છે, અને એમ હઠ કદાગ્રહથી એકાંતપક્ષ ગ્રહી પોતાને અને પરને ફોગટ પરિતાપ પેદા કરે છે. એવા મૂર્ખ હઠવાદીની સાથે વાદવિવાદ કરવાથી કશું વળતું નથી, એટલુંજ નહીં પણ કેવળ કદાગ્રહીની સાથે વાદવિવાદ કરનાર ઉલટો પોતાનું ગમાવીને મૂર્ખમાં ખપે છે. ૭.

હવે છેલ્લા સવૈયામાં શ્રીમાન્ ચિદાનંદજી મહારાજ સહુ ઉપર સામ્યભાવ રાખવા ભવ્ય જનોને ઉપદિશે છે કે જેમ વેળુને પીલવાથી તેલ નીકળેજ નહીં, જળને વલોવવાથી માખણ (ઘી) નીકળેજ નહીં, શીંગડાંને દોહવાથી દૂધ નીકળેજ નહીં, ઉખર ક્ષેત્રમાં બીજ વાવવાથી તે ઉગેજ નહીં, અને બાવળ વાવવાથી કંઇ આંબો થાય નહીં, તેમ પરને પીડા ઉપજાવવાથી–પરને પરિતાપ કરવાથી કદાપિ પણ પુણ્યની પ્રાપ્તિ થઈ શકેજ નહીં, તેમજ મનનો મેલ (કામ ક્રોધ, મોહ, મદ, મત્સર પ્રમુખ વિકાર) ધોયા વગર માછલાંની પેરે દેહને ઉપર ઉપરથી ધોવા માત્રથી કદાપિ પણ કલ્યાણ થવાનું નથી. (કર્તાનો એવો આશય સમજાય છે કે હે ભવ્ય જનો! જો તમને સર્વત્ર સુખશાતાકારી પુણ્યપ્રાપ્તિનીજ ઇચ્છા હોય તો પર જીવોને અશાતા ઉપજાવવી તજી દઇ તેમને સુખશાતા ઉપજે તેવી ઉચિત પ્રવૃત્તિ આદરો. મનથી પણ સહુનું શુભજ થાય એવું શુભ ચિંતવનજ કરો, વચન પણ એવુંજ સુખકારી બોલો અને કાયાથી પણ એવુંજ શુભ વર્તન કરો કે જેથી કોઇને આપણી તરફથી અસમાધિ કે અસંતોષ પેદા ન થાય; તેમજ જો તમને જન્મમરણજન્ય અનંત દુઃખથી મુક્ત એવું મોક્ષપદ મેળવવાનીજ ઈચ્છા હોય તો અસમંજસપણે અસંખ્ય જંતુઓનો નિષ્કારણ નાશ કરનાર બહિર સ્નાનનો મિથ્યા આગ્રહ તજી દઈને રાગદ્વેષાદિક મહા વિકારથી ભરેલા મનનોજ અંતર મેલ ધોઇ સાફ કરવા સામ્ય વૃત્તિથી સદા રાતદિવસ કમ્મર કસીને મંડ્યા રહો. આત્મ કલ્યાણ સાધવાનો એજ ઉત્તમ ઉપાય છે. ઇતિ શમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रतिक्रमणादिक क्रियाओमां थती शून्यता.

વર્તમાન સમયમાં પ્રતિક્રમણ પ્રમુખ ક્રિયા કેવા શૂન્ય ચિત્તે થાય છે, તેનું દરેક આત્માર્થીએ નિરીક્ષણ કરવું યુક્ત છે. દેખાદેખીથી જે ક્રિયા થાય છે તે ઉપયોગની શૂન્યતાથી સંમૂર્છિમની ક્રિયા સમાન હોવાથી તેનું તેવુંજ ફળ મળે છે. પણ દૃષ્ટાંત તરીકે જેમ મયણાસુંદરીને એક દિવસે જિનપૂજામાં અપૂર્વ આહ્‌લાદ થયો હતો–જેનું નામ અમૃત ક્રિયા છે તેના જેવું ફળ મળતું નથી. જુઓ! તેજ રાત્રિને વિષે તેની સાસુ (શ્રીપાળજીના માતા) શોચ કરતાં હતાં કે શ્રીપાળ ક્યારે આવશે? (જે વખતે શ્રીપાળ મહારાજ દ્વારની બહાર આવીને તેમની વાત સાંભળતા હતા) તે વખતે મયણાસુંદરીએ કહ્યું કે 'આજે મને અમૃત ક્રિયા સમાન પૂજામાં આહ્‌લાદ થયો છે, જેથી અપૂર્વ આત્મિક લાભ થવા ઉપરાંત ઈહ લૌકિક લાભ પણ થવો જોઈએ, તેથી જરૂર આજે તમારા પુત્ર મળવા જોઈએ.' વિચારો, તેને પોતાની કરેલી ક્રિયાની પ્રતીતિ કેવી હતી! પરિણામે તે સત્યજ થયું, અર્થાત્ શ્રીપાળજી તુરતજ મળ્યા. અનુક્રમે તે બંને સત્વવંતોએ સ્વાત્મહિત ફલીભૂત કર્યું. તેમજ ધન્ય છે પરમાર્હત્ શ્રીકુમારપાળ મહારાજને કે જેણે યુદ્ધના સમયે પણ હસ્તીની ઉપર બેઠા બેઠા પ્રતિક્રમણ કર્યું છે. જુઓ તે પુરૂષનું સત્વ! તેવી રીતે અનેક આત્માર્થીઓનાં ચરિત્રો શાસ્ત્રમાં વર્તે છે, તેમ આપણે પણ પુરૂષાર્થ પ્રગટાવવાની આવશ્યકતા છે.

અત્રે મુખ્યપણે પ્રતિક્રમણ સંબંધે વિચારવાનું છે. પ્રથમ તો દરેક ક્રિયા કાળે (જે કાળમાં જે ક્રિયા કરવી ફરમાવી છે તે કાળે) કરવી ઉચિત છે. જેમ વર્ષાકાળને વિષે કરેલી ખેતી પૂર્ણ ફળ આપવાવાળી થાય છે તેમ પ્રતિક્રમણની ક્રિયા પણ યોગ્ય કાળે કરેલીજ પૂર્ણ ફળ આપે છે. તેથી તે ક્રિયા સૂર્યાસ્તની અગાઉ પ્રારંભવી કે અર્ધ સૂર્ય વખતે વંદિતા સૂત્ર કહેવામાં આવે. વળી સામાયક લેવાથી તે તેના અંત સુધી દરેક ક્રિયા ઉપયોગ પૂર્વક, ઉભા રહીને, પંચાંગ પ્રણિપાત રૂપ ખમાસમણ દેવા પૂર્વક, વાંદણાના આવર્ત વિગેરે સાચવીને કરવી. વળી રાજ્યવેઠની પેરે કરવાથી પણ કાર્યસિદ્ધિ થવી દુર્લભ છે, માટે તેમ ન કરવી. સૂર્યાસ્ત થયા બાદ છેક સંધ્યાસમયે, દીવા વખતે યા તો તેથી પણ મોડું પ્રતિક્રમણ શરૂ કરવાથી એક તો અકાળે કર્યાનો દોષ પ્રાપ્ત થાય છે. વળી તે જલદી પૂર્ણ કરવા માટે ઉતાવળે બોલવાથી ઉચ્ચાર પ્રમુખની શુદ્ધિ રહેતી નથી અને શુકપાઠ રૂપે થાય છે. વળી અર્થ પ્રમુખની વિચારણા ન થવાથી તથા જ્યાં જ્યાં અતિચાર દોષ લાગ્યા હોય ત્યાં ત્યાં તેને સંભારી તેની ગર્હા (ગુરૂ સમક્ષ નિંદા) અને નિંદા (આત્મ સાખે) નહિ થવાથી નિરાદર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણાને લઈને શૂન્યતા પ્રાપ્ત થાય છે; જેના માટે શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આઠ દ્રષ્ટિની સઝાયમાં કહ્યું છે કે—

**શુદ્ધ ભાવ ને શૂની કિરીયા, બેહુમાં અંતર કેતોજી;**
**જલહલતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં જેતોજી.**

શુદ્ધ ભાવ પૂર્વક કરેલી ક્રિયા જાજ્વલ્યમાન સહસ્ર કિરણવંત સૂર્યના જેવી છે, જ્યારે શૂન્ય ભાવવાળી ક્રિયા રાત્રિને વિષે ખજુઓ ઉડે છે, જેનો કિંચિત્માત્ર પ્રકાશ થાય છે ને તરત નાશ પામે છે તે સમાન છે; ખજુઆ સમાન ક્રિયા આપણને કેવી ફલદાયી થાય તે સહેજે સમજી શકાય તેવું છે. વળી તે પ્રસંગે વિકથા તો ખાસ વર્જવી (તજવી) યુક્ત છે. પ્રતિક્રમણ કરનારાઓ પ્રથમ એકત્ર થઈ વિકથામાં અથવા ધર્મ સંબંધી અન્ય વાતોમાં કાળ ગુમાવે છે, ને જ્યારે બહુ વખત ભરાઈ જાય છે ત્યારે જાગ્રતિ આવે છે. આવા કારણથી કેટલાક પ્રમાદીઓ ધીરે ધીરે પરવારી બહુ મોડા આવે છે, જેઓની દાક્ષિણ્યતાથી રાહ જોવાય છે. માટે આત્માર્થીએ તો સ્વદયા તરફ વિશેષ ખ્યાલ કરવો ઉચિત છે, અને તેમ થતાં તેવા પ્રમાદી હોય તેને પણ જાગ્રતિ આવે છે. માટે જેમ બને તેમ યોગ્ય કાળે ક્રિયા કરવી યુક્ત છે. ધર્મચર્ચા યા પ્રશ્નો વિગેરે કરવા હોય તો તે પ્રતિક્રમણ કર્યા બાદ કરવા, પણ અવસર થયા છતાં તેવા મજબૂત કારણ વગર પ્રતિક્રમણમાં વિલંબ કરવો ઉચિત નથી. વળી વિકથા–નિંદા યા સ્વગચ્છ કે પરગચ્છ સંબંધી તાણાતાણી વાદવિવાદ રૂપી ચર્ચા કે જેમાં રાગદ્વેષની પરિણતિ થાય તેનો તો ત્યાં તે અવસરે અવશ્ય ત્યાગ કરવો ઉચિત છે. જે રાગદ્વેષ દૂર કરવાનું સ્થાન છે ત્યાં આવી ઉલટી તેની વૃદ્ધિ કરવી તે કેવી ભૂલ ? માટે રાગદ્વેષ ન થાય તથા કેવળ આત્મહિત થાય તેવોજ પ્રસંગ કાઢવો.

વળી સ્તુતિ, વંદિતાસૂત્ર યા અતિચાર પ્રમુખનો જે આદેશ ગુરૂમહારાજ પાસે માગવો તે અમુક ( ચાલતી ) ક્રિયાની વચમાં માગવાથી સ્ખલના થાય છે. ગુરૂ મહારાજનો તેમજ અન્ય સભાનો ઉપયોગ તેમાં ખેંચાય છે, તેથી વચમાં માગવો નહિ. તેમ કેટલીક વખત એક બે સૂત્રની અગાઉ પણ આદેશ ન માગવો. ‘ રખેને કોઈ માગી લેશે અને હું રહી જઈશ ’ એવા વિચારથી અથવા જનમનરંજનાર્થે પણ તેમ ન કરવું. યોગ્ય અવસરે આદેશ માગીને સ્થિરતા પૂર્વક બોલવું, જેથી શુદ્ધ ઉચ્ચાર પૂર્વક બોલાય, પોતાને તેમજ સાંભળનારને અર્થચિંતવના, ગર્હા, નિંદા પ્રમુખ થાય, અને તે રીતે પ્રતિક્રમણ થાય તો પછી બહુકાળ પ્રતિક્રમણની ક્રિયા (કેમકે પાપથી નિવર્તવાને અર્થેજ પ્રતિક્રમણ છે તે) કરવીજ ન પડે.

પાક્ષિકાદિક અતિચાર બાળ જીવોને સમજવા સુગમ પડે, અને જે જે દોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા હોય તેની નિંદા પ્રમુખ થાય તેટલા માટે પૂર્વાચાર્યોએ તેને દેશી (ગુજરાતી) ભાષામાં કર્યા છે. પરંતુ તે ઉપયોગપૂર્વક સ્થિરતાથી કહેવામાં આવે તોજ સત્ય આલોચના થાય. નહિ તો—

" શુક રામકો નામ વખાણે, નવિ પરમારથ તસ જાણે;
યા વિધ ભણી વેદ સુણાવે, પણ અકલ કલા નવિ પાવે. "

એમ થશે. માટે અર્થ સમજવા પૂર્વક ભણવા માટે પ્રયત્ન કરવો, અને બીજાઓ અર્થવિચારણા કરી શકે તેવી ઢબથી બોલવા. તે સંક્ષેપ તથા વિસ્તાર અતિચારમાં કેટલાક શબ્દો બાળ જીવોને ન સમજાય તેવા જણાયા છે. તેના અર્થ જુદા છપાવવા ધારણા છે, તે ન બને ત્યાંસુધી જે સમજાવી શકે તેની પાસે અતિચારના અર્થો બરાબર સમજી સ્થિરતાએ બોલવા. જલદી ભણી જવામાં બહાદુરી ન સમજવી.

દરેક ક્રિયા કરતાં બોલનારે તથા સાંભળનારે સ્થાપનાચાર્ય યા ગુરૂમહારાજ સન્મુખજ દૃષ્ટિ રાખવી તથા બે હાથ જોડેલા રાખવા. પાક્ષિક સૂત્ર જે મુનિ મહારાજ બોલે છે તે મુખ્યતાએ કાયોત્સર્ગ કરી ઉપયોગ પૂર્વક શ્રવણ કરવું. કદાચ કાયોત્સર્ગ ન બની શકે તોપણ પ્રમાદ ન સેવતાં ઉપયોગ પૂર્વક સાંભળવું.

પ્રતિક્રમણના હેતુઓ જે અગાઉ ' જૈન ધર્મ પ્રકાશ'માં પ્રસિદ્ધ થયા હતા તેમજ **પ્રતિક્રમણ હેતુ** નામના પુસ્તકમાં છપાયેલા છે તે સમજી દરેક ક્રિયા તે મુજબ સમજ પૂર્વક બને તેટલો વીર્યોલ્લાસ ફોરવીને કરવી. શરીરની છતી શક્તિએ પ્રતિક્રમણ ઉભા ઉભાજ કરવું. વાંદણાના આવર્ત વિધિ બરોબર સાચવવા ખપ કરવો, અને દેવસિ કે રાઇ પ્રતિક્રમણ બે ઘડીથી પહેલાં પારવું નહિ. કેમકે સામાયકનો કાળ જઘન્યથી બે ઘડીનોજ છે, વિશેષ માટે બાધક નથી. ઓછા કાળે પારવાથી દોષપાત્ર થવાય છે.

ઉપર મુજબ પ્રતિક્રમણની ક્રિયા શુદ્ધ ઉપયોગ પૂર્વક કરવા ઉજમાલ થવું. પૂર્વે બંદીખાનામાં પણ કર્મવશાત્ આવી પડતાં એક શ્રાવકે સોનૈયા આપીને નિત્ય પ્રતિક્રમણ કર્યું છે. તે ભાગ્યશિરોમણિએ પ્રતિક્રમણની કિંમત અમૂલ્ય જાણી હતી, તેમ આપણે પણ તેને અમૂલ્ય જાણી રાજ્યવેઠની જેમ કરવાનો યા શૂન્યપણાનો ત્યાગ કરી ઉપયોગ પૂર્વક કરવું કે જેથી ખરેખરૂં આત્મહિત થાય.

પ્રાણલાલ મંગળજી

હાલ અજીમગંજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गुणानुराग.

( અનુસંધાન પૃષ્ટ ૧૩૯ થી )

પારકા ગુણ સાંભળીને મત્સર (અદેખાઇ) ન કરવા વિષે કહે છે.

सोऊण गुणुक्करिसं, अन्नस्स करोसि मच्छरं जइवि ।
ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ॥ ६ ॥

" પારકા ગુણની ઉત્કર્ષતા સાંભળીને જો તું મત્સર કરે છે તો નક્કી જાણજે કે તું આ સંસારમાં સર્વત્ર પરાભવને વહન કરીશ. "

**વિવેચન**—જે મનુષ્ય પારકા ગુણ સાંભળીને સહન કરી શકતો નથી, પોતે તેની પ્રશંસા કરવામાં ભાગ લેવાને બદલે તેની અદેખાઇ કરે છે અથવા તેના છતા અછતા દોષો કહીને તેના ગુણને ઢાંકી દેવાની તજવીજ કરે છે તે પ્રાણીમાં ગુણો પડી શકતા નથી. જે પારકા ગુણ જોઇને રાજી થાય છે, ગુણીની તે તે ગુણને અંગે પ્રશંસા કરે છે તેનામાંજ ગુણ પડે છે, અને જ્યારે પોતે ગુણીયલ થતો નથી ત્યારે પછી તે સંસારમાં સર્વત્ર પરાભવ પામે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કારણ કે નિર્ગુણીપણું તેજ પરાભવનું સ્થાન છે.

વળી એ હકીકતને ઉદ્દેશીનેજ કહે છે—

गुणवंताण नराणं, ईसाभरतिमिरपूरिओ भणसि ।
जइ कहवि दोस लेसं, ता भमसि भवे अपारंमि ॥ ७ ॥

" ઈર્ષાના સમૂહ રૂપ અંધકારવડે પૂરિત થયો સતો ગુણવંત પુરૂષના દોષ લેશને પણ જો કદાપિ બોલીશ તો જરૂર આ અપાર સંસારમાં પરિભ્રમણ કરીશ. "

**વિવેચન**—અંધકારવડે વ્યાપ્ત સ્થાનમાં રહેલો માણસ જેમ સર્વત્ર અંધકારજ જુએ છે તેમ ઇર્ષારૂપ તિમિરવડે વ્યાપ્ત અંતઃકરણવાળો ગુણવંતના મહાન્ ગુણો જોઇ શકતો નથી, પણ કોઇ દોષ લેશ માત્ર રહેલા હોય છે તેજ જુએ છે, અને તેથી તેના ગુણોનું કથન કરવાને બદલે દોષનું કથન કરે છે. ગ્રંથકાર કહે છે કે જો તું તેવું આચરણ કરીશ તો જરૂર અપાર સંસારમાં ઘણા કાળ પર્યંત પરિભ્રમણ કરીશ. કારણ કે ગુણીનો દ્વેષ ગુણને આવવા દેશે નહીં. અને જો ગુણ ન આવ્યા-નિર્ગુણી રહ્યા તો સંસારમાં ભમવું પડશે એ નિઃસંદેહ વાત છે.

આજ હકીકતને પુષ્ટ કરતા સતા કહે છે—

जं अब्भसेइ जीवो, गुणं च दोसं च इत्थ जम्मंमि ।
तं परलोए पावइ, अब्भासेणं पुणो तेणं ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"આ જન્મમાં જીવ ગુણનો કે દોષનો જેનો અભ્યાસ કરે છે તેજ ગુણ કે દોષ ફરીને તે (પૂર્વના) અભ્યાસવડે કરીને પરલોકમાં પામે છે."

**વિવેચન**—આ ભવમાં જો પારકા ગુણાનુવાદ કરવામાં આવે, ગુણ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે, કોઈમાં અલ્પ પણ ગુણ હોય તે જોઈને રાજી થવાનું બને તો તેવા ગાઢ અભ્યાસને યોગે આવતા ભવમાં પણ ગુણની પ્રાપ્તિ થાય, અને જો આ ભવમાં પારકા દોષો જોવાની ટેવ પડે, પારકી નિંદા કરવાનો અભ્યાસ રહે અને ગુણ જોઈને રાજી ન થવાય તો આવતા ભવમાં તેવા ઈર્ષા મત્સરાદિ દોષોની પ્રાપ્તિ થાય. માટે ગુણની કે દોષની જેની ઇચ્છા હોય તેનો અભ્યાસ આ ભવમાં કરવો યોગ્ય છે.

પારકા દોષ જોનારો ગુણી પણ કેવો ગણાય છે તે કહે છે—

जो जंपइ परदोसे, गुणसयभरिओवि मच्छरभरेण ।
सो विउसाण मसारो, पलालपुंजव्व पडिभाई ॥ ९ ॥

"સેંકડો ગુણોથી ભરેલો હોવા છતાં પણ જો મત્સરવડે કરીને પારકા દોષ બોલે છે તો તે ગુણી પણ પંડિત પુરૂષોને પરાળના (ફોતરાના) ઢગલાની જેવો અસાર પ્રતિભાસમાન થાય છે (લાગે છે)."

**વિવેચન**—પોતામાં ગમે તેટલા ગુણ હોય પણ જો પારકા ગુણને સહન કરી શકતો ન હોય–પોતે દાતાર હોય પણ પારકા દાતારપણાની વાત સાંભળી શકતો ન હોય–પોતે બ્રહ્મચારી હોય પણ પરની બ્રહ્મચર્ય સંબંધી વાત સાંભળી શકતો ન હોય–અર્થાત્ પરના તેવા ગુણની વાત સાંભળતાં તે ગુણને ઢાંકી દેવા માટે પરના દોષ બોલતો હોય અથવા સ્વકલ્પનાવડે પરના દાતારપણામાં અથવા બ્રહ્મચારીપણામાં દોષનો અથવા કોઈ કારણનો ઉદ્ભવ કરતો હોય તો તેવા ગુણીને પણ પંડિત પુરૂષો ફોતરાના ઢગલા જેવો નિર્માલ્ય–નિઃસાર ગણે છે. કેમકે જેનામાં પારકા ગુણ સહન કરવાની શક્તિ નથી તેનામાં ગુણો ટકીજ શકતા નથી; અને જે ગુણો હોય છે તે પણ સત્વ વિનાનાજ હોય છે.

પારકા દોષ બોલનાર પોતે પાપી બને છે તે સંબંધી કહે છે—

जो पर दोसे गिन्हइ, संतासंतेवि दुट्ठ भावेणं ।
सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि ॥ १० ॥

"જે મનુષ્ય દુષ્ટભાવે કરીને છતા કે અછતા પણ પારકા દોષને ગ્રહણ કરે છે તે નિરર્થક પોતાના આત્માને પાપવડે બાંધે છે."

**વિવેચન**—જે મનુષ્ય દુષ્ટ બુદ્ધિથી એટલે અન્યને પોતાથી હલકો દેખાડવાની ધારણાથી પારકા છતા કે અછતા દોષોનું જેની તેની પાસે ઉદ્ઘાટન કરે છે તે મનુષ્ય નિરર્થક–માત્ર પોતાની જીભની વિપરીત ટેવને લઇને પોતેજ પાપથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાય છે. અર્થાત્ જેનામાં દોષ હોય તે પાપથી બંધાય તે તો સાર્થક છે, પણ પોતામાં દોષ ન હોય છતાં પારકા દોષ બોલવા માત્રથી પાપબંધ કરવો તે નિરર્થક પાપબંધ છે. વળી દોષ બોલવાની ટેવ પડતાં, છતા દોષજ બોલવા એવો નિર્ણય ટકી શકતો નથી, જીભના સળવળાટને લઈને છતા દોષ બોલવાની સાથે અછતા દોષ પણ બોલી જવાય છે; માટે એ ટેવજ તદ્દન તજવા યોગ્ય છે.

ત્યારે શું કરવું ? તે કહે છે—

तो नियमा मुत्तव्वं, जत्तो उपज्जए कसायग्गी ।

तं वत्थुं धारिज्जा, जेणोवसमो कसायाणं ॥ ११ ॥

" તેથી જે કારણવડે કષાયરૂપ અગ્નિ ઉદ્ભવે (ઉપજે) તે કારણ નિશ્ચયે મુકી દેવું (તજી દેવું), અને તે વસ્તુને ધારણ કરવી કે જેથી કષાયનો ઉપશમ થાય. "

**વિવેચન**—ઉત્તમ પુરૂષે-આત્મહિતના ઇચ્છકે આ શિખામણ ખાસ હૃદયમાં કોરી રાખવી કે ' જે વાત કરવાથી સ્વને કે પરને કષાયરૂપ અગ્નિ જાગે તેવી વાતજ ન કરવી; અને જે વાત કરવાથી કષાય ઉપશાંત થાય-સૌને આનંદ ઉપજે, પરસ્પર પ્રીતિભાવ જાગે તેવી વાત કરવી. ' અર્થાત્ કષાયની વાતથીજ વેગળા રહેવું અને શાંતિની વાતમાં આગળ થવું. પોતાથી બની શકે તેટલો નિરંતર સ્વપરની શાંતિ માટે પ્રયાસ કરવો.

અપૂર્ણ.

# नवीन उद्भव.

( २ )

આ મથાળાવાળો લેખ ગત અંકમાં પ્રગટ થયા બાદ એ લેખને અંગે કેટલાક લેખ ને વિષયો બહાર પડ્યા છે તેમજ બીજી પણ ઘણી હિલચાલો થઇ છે, જેને પરિણામે પોતાની કૃતિ તરફ શ્રી સંઘ કેવી દૃષ્ટિથી જુએ છે તેનો અમારા તે ભાઇઓને અનુભવ થઇ શકે તેમ છે. પોતે પોતાની કૃતિને ગમે તેવી ઉત્તમ કે અત્યુત્તમ માને, પરંતુ મોટો સમુદાય જ્યાં સુધી તેને તેવી દેખે યા માને નહીં ત્યાં સુધી તે માન્યતામાં આપણી પોતાનીજ ભૂલ થાય છે એમ સમજવું જોઇએ. વિદ્વાનોનો તો એ સિદ્ધાંતજ છે. આપણા ઉપર રાગદૃષ્ટિથી જોનારા આપણને ભલે તીર્થંકરની ઉપમા આપી દે, અથવા આપણા સમાજના મેળાવડાને સમોસરણની ઉપમા આપી દે,અથવા તેમાં બીજાઓથી થતાં વર્તનોને પ્રાતિહાર્યો તરિકે ઘટાવી દે; પરંતુ આપણે તેથી ભુલાવામાં પડવાનું નથી. આપણે તો જે છીએ તેજ છીએ. આપણે માટે ચોથા ગુણઠાણાની ખાત્રી પણ જ્ઞાની મહારાજ કહે ત્યારેજ થાય તેવું છે; છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેરમા ગુણુઠાણુવાળા સાથે ઉપમા દ્વારે પણ આપણો મુકાબલો કરનારા આપણા રાગી છે. પણ મિત્ર નથી; તેઓજ આપણા શત્રુની ગરજ સારનારા છે એમ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. તા૦ ૧૪ મી ઓગસ્ટના જૈન પેપરમાં એક લેખકે એવી ઘટના કરી છે. આવી ઘટના કરનારા તેમજ હદ ઉપરાંતનું માન આપનારા અને અણઘટતી ઉપમાઓ આપીને પત્રાદિના લખનારાજ આપણને લાભને બદલે હાનિ કરે છે. આ વાત ચોક્કસ રીતે ધ્યાનમાં રાખીને તેવાઓને અટકાવવાની ખાસ જરૂર છે.

તા. ૧૭–૮–૧૦ ની મિતિનો એક ખુલાસો **ભાઇ શિવજી દેવશીએ** બહાર પાડયો છે, તેનું સમગ્ર આલોચન કરવાની તો અત્રે જગ્યા નથી, પરંતુ તેના પૃષ્ઠ ૨ જાનો બીજો પારિગ્રાફ વાંચતાં અમને બહુજ ખેદ થયો છે. તે આખો પારિગ્રાફ લક્ષ પૂર્વક વાંચી જવા ભલામણ કરી અત્ર માત્ર તેના અમુક શબ્દોજ અમારા વાચકોના લક્ષપર લાવીએ છીએ. તેમાં લખે છે કે “ મુનિનો વેષ પહેરનાર જો કષાયજયાદિ કરી ન શકયા તો તે ગૃહસ્થો કરતાં પણ અધમ ગણાય છે; અને ગૃહસ્થાવાસમાં રહી ઉપર્યુકત સદ્ગુણો પોતામાં ધારી શકે એવા મહા પુરૂષો હોય તો તે ઉત્તમોત્તમ ગણાવા યોગ્ય છેજ. ” આ વાકય, ઉપરથી કેવું મજાનું, ન્યાયવાળું, સુંદર લાગે છે! પરંતુ તેની અંદર શું વિષ ભરેલું છે તે જુઓ! મુનિવેષમાં કષાયજયાદિ ગુણો પડ્યા છે કે નહીં તે તો જ્ઞાનીગમ્ય હકીકત છે; છતાં તેમાં **નથી** એમ માની લઇ, ગૃહસ્થવેષમાં ગુણ હોય કે નહિ તે પણ જ્ઞાનીગમ્ય હકીકત છે; છતાં તેમાં તે તે ગુણોનો **સદ્ભાવ** માની લઇ પહેલાને અધમની પંક્તિમાં ને બીજાને ઉત્તમોત્તમની પંક્તિમાં મુકાવું આ તેનું રહસ્ય છે. ગુણગ્રાહી અન્ય સજ્જનો તો ભલે ગમે તેવો વિચાર કરે, પણ ગૃહસ્થપણે રહી સર્વત્ર પૂજાવા નીકળેલા માણસોને પોતાને આ લખવું યોગ્ય છે ? જરા દીર્ઘ વિચાર કરો ! જો આમ જ્ઞાનીગમ્ય હકીકતને છદ્મસ્થ જીવોને માટે આગળ ધરવામાં આવે તો પછી કોઇ પણ મુનિ વંદનીક શી રીતે ગણાશે ? આ આખા પારિગ્રાફમાં ‘ મુનિનાં કપડાં પહેરવાથી મુનિના ગુણ આવતા નથી ’ એ વાત ઘટાવતાં બહુજ હલકી વાણીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હાલના મુનિવર્ગ ઉપર તેમના હૃદયમાં વસી ગયેલા દૃઢ અભાવનું એમાં પ્રત્યક્ષ દર્શન થાય છે. આ બાબત વધારે લખી અમે કોઇની લાગણી ઉશ્કેરવા ઈચ્છતા નથી.

આગળ પૃષ્ઠ છઠ્ઠામાં લખે છે કે ‘ આ વર્ષમાં અમારા ભાગ્યમાં એવોજ દૈવ દેખાય છે કે **વેષધારી મુનિઓને** તેમની ખરી ફરજ સમજાવવી ઈત્યાદિ. ’ આમાં વેષધારી શબ્દ વિશેષણ તરીકે મુકી મુનિપણું તો ઉડાવીજ દીધું છે. હવે શ્રાવકોને ફરજ સમજાવતાં સમજાવતાં મુનિઓને સમજાવવાનો વખત પ્રાપ્ત થયો એ પણ અહોભાગ્યની નિશાની છે ! મુનિમહારાજાઓને તેમની ફરજ સમજાવનારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચારાંગાદિ સૂત્રો, ઉપદેશમાળાદિ પ્રકરણો અને અન્ય પારાવાર ગ્રંથો વિદ્યમાન છે, તેમજ વીર પરમાત્માનું શાસન પણ જયવંતું હોવાથી અનેક મુનિગુણસંયુક્ત મુનિમહારાજાઓ પણ વિદ્યમાન છે; છતાં આવી પ્રબળ ફરજ એમને માથે કેમ આવી પડી? તે અમે સમજી શકતા નથી. જ્યારે મુનિઓને પણ તમે ફરજ સમજાવશો ત્યારે પછી તેમના ગુરૂઓ શું કરશે?

આ ખુલાસાના પ્રારંભમાં ત્યાં સમાજમાં થયેલા ભાષણોની સંખ્યા આપવામાં આવી છે. તેમાં જે ભાષણો ગણાવ્યાં છે તે ભાષણો તરફ સમાજના અધિષ્ઠાતા મહાપુરૂષોજ દૃષ્ટિ કરશે તો જણાશે કે તેમાં શંકરને અરિહંત પરમાત્માની તુલના વિગેરે કેટલીક હકીકતો અભિગ્રહિક અને અનભિગ્રહિક મિથ્યાત્વવાળી કહેવાયેલી છે. જે સમાજમાં આવાં ભાષણો થાય તેમાં જૈનેતરપણું વિશેષે નહીં સંભવે તો પછી ક્યાં સંભવશે?

શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસીની વૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાનમાર્ગમાં એકત્રતા કરવાનો દાવો ધારણ કરનાર આ સમાજ સમજાવી શકશે કે એ ત્રણ વિભાગો એ ત્રણ બાબતમાં શી રીતે એકત્ર થઇ શકે? ત્રણમાંથી એકે તો ભક્તિ માર્ગજ ઉડાવેલો છે, જ્ઞાનમાર્ગ તો ત્રણેનો વિભિન્ન છે અને વૈરાગ્યની વાત તો પરમાત્માના જ્ઞાનને ગોચર છે. માટે આવી મિથ્યા ધારણાઓ પડી મુકીને જે રૂચે તે એક (સમ્યગ્) માર્ગનું આરાધન કરો કે જેથી શુદ્ધ માર્ગ હાથ લાગશે તો કલ્યાણ થશે; તે શિવાય લાભ થવાનો નથી.

અમારા ગત અંકના લેખના જવાબ તરીકે આનંદ નામના માસિકમાં એક લંબાણ લેખ પ્રગટ થયેલો છે, પરંતુ તે માત્ર ઇર્ષ્યા પ્રકાશ કરનારો અને તદ્દન દલીલ વિનાનો હોવાથી તે સંબંધી અત્ર કાંઇ પણ લખવું યોગ્ય લાગતું નથી, જેથી તેની ઉપેક્ષાજ કરીએ છીએ.

આ લેખ પણ હિતબુદ્ધિથી લખવામાં આવેલો હોવાથી તેના લાગતા વળગતાને તેવી બુદ્ધિવડે વાંચવાની વિનંતિ કરી ટુંકામાંજ સમાપ્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિદ્વાન્ મુનિરાજ પ્રત્યે વિનંતિ.

## ઉપદેશમાળાના કર્ત્તા કયારે થયા?

આ સંબંધમાં ચર્ચા ઉત્પન્ન કરનાર લેખ ગયા વર્ષમાં આ માસિકમાં આપવામાં આવેલો છે, તેનો ઉત્તર ઉપદેશમાળાના કર્ત્તા ધર્મદાસગણિ ભગવંત શ્રી મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત શિષ્યજ હતા એમ સિદ્ધ કરનારો દરેક શંકાના સમાધાન સાથે આપવાની આવશ્યકતા છે; તો આ વિનંતિનો સ્વીકાર કરીને અવશ્ય જે જે હકીકત લખવા યોગ્ય હોય તે લખી મોકલાવવા પ્રાર્થના છે. આવી બાબત ઉપેક્ષા કરવા યોગ્ય નથી.

---

## છપાઇને બહાર પડેલ છે.

## चउसरण, आउरपच्चक्काण, भत्तपरिन्नय, संथारग.

## मूळ.

આ ચારે પયન્નાઓ શ્રાવકને વાંચવા ભણવાનો પણ અધિકાર છે. તે પાઠાંતર સાથે શુદ્ધ કરીને શ્રી પાટણનિવાસી શેઠ હાલાભાઈ મગનચંદની સહાયથી છપાવીને પ્રગટ કરવામાં આવેલ છે. સાધુ, સાધ્વીઓને તેમજ જૈનશાળા, કન્યાશાળા, શ્રાવિકાશાળા, જૈન પુસ્તકાલયો વિગેરેને ભેટ દાખલ આપવામાં આવનાર છે. ખપ હોય તેણે અમારાપર પત્ર લખવો.

---

## મુનિરાજ મહારાજ શ્રી આત્મારામજી કૃત

## तत्त्वनिर्णयप्रासाद.

આ બુક હાલમાં બંધાવીને તૈયાર કરવામાં આવી છે. એની અંદર અનેક હકીકતોનો સંગ્રહ કરેલો છે. તેનું વર્ણન ટુંકામાં થઈ શકે તેમ નથી. ખપ હોય તેણે અમારી પાસેથી મંગાવવી.

કિંમત રૂ. ૪) પોસ્ટેજ રૂ. ૦-૯-૦

### નવા મેમ્બરોનાં નામ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શા. જેઠાલાલ વાઘજી. | ગોંડલ. હાલ મુંબઇ. | લાઇફ મેમ્બર. |
| ૨ | મહેતા નાનાલાલ મગનલાલ,એલ.એમ.એન્ડ એસ. | ભાવનગર. | વર્ગ ૧ લો. |
| ૩ | શા. ઓઘડ રતનશી. | માંડલ. | ,, |
| ૪ | વહોરા વાડીલાલ કેવળદાસ. | ,, | ,, |
| ૫ | દોશી કકલ રતનશી. | ,, | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર

અમારા તરફથી વેચાણ બુકોનું લિસ્ટ બહાર પડ્યા પછી નીચેની બુકો વેચાણમાં વધી છે. જોઈએ તેણે મંગાવવી.

| | | |
|---|---|---|
| અધ્યાત્મકલ્પદ્રુમ ભાષાંતર વિવેચનસહિત. | ગુજરાતી. | ૧-૪-૦ |
| શ્રીમજ્ઞાન ત્રિશિકા. | શાસ્ત્રી. | ૦-૬-૦ |
| જૈનભાનુ ભાગ ૧ લો. | ” | ૦-૫-૦ |
| ગૌતમ સ્વામીનો રાસ, અર્થ સહિત. | ગુજરાતી. | ૦-૧-૦ |
| અષ્ટાપદનો નકશો રંગીત કપડા સાથે. | | ૦-૬-૦ |
| પાવાપુરીનો નકશો. ” ” | | ૦-૬-૦ |
| શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો સીલ્વર જ્યુબીલી અંક. | ગુજરાતી. | ૦.૧૨.૦ |
| શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ. અંક ૧-૨ (કલકત્તાના) | દરેક અંકના | ૦.૧૧.૦ |
| નયમાર્ગ દર્શક. | ગુજરાતી. | ૦.૧૨.૦ |
| વૈરાગ્ય તરંગ ભક્તિમાળા. | ” | ૦-૪-૦ |
| શાલિભદ્ર ચરિત્ર. ( બનારસનું ) | સંસ્કૃત. | ૧-૪-૦ |
| સન્મતિતર્ક વિભાગ ૧ લો. ” | ” | ૩-૦-૦ |
| [illegible]ની કથા ભાગ ૧ લો. ” | ” | ૦-૪-૦ |
| જગદ્‌ગુરૂ કાવ્ય. ” | ” | ૦-૪-૦ |
| ભજન પદ સંગ્રહ ભાગ ૧-૨-૩-૪ | ગુજરાતી. દરેકના | ૦-૮-૦ |
| ઢુંઢક હૃદય નેત્રાંજન. (પાકા પુંઠાની) | ગુજરાતી. | ૧-૮-૦ |
| ધર્મનો દરવાજો જોવાની દિશા. | ” | ૦-૮-૦ |
| બાળ ભારત. ( કાવ્ય ) | સંસ્કૃત. | ૩-૪-૦ |
| ઉપાસગ દશાંગ ટીકા સહિત ઇંગ્લીશ નોટ સાથે (કલકત્તાનું) | સંસ્કૃત. | ૬-૦-૦ |
| ઉપદેશમાળા મૂળ ગાથાનો અર્થ. | ગુજરાતી. | ૦-૪-૦ |
| સંઘપટ્ટ કાવ્ય ટીકા તથા અર્થ સહિત. | સંસ્કૃત. | ૨-૦-૦ |
| જીવવિચારાદિ ચાર પ્રકરણ શબ્દાર્થ સહિત. | શાસ્ત્રી. | ૦-૪-૦ |
| પાંચ પ્રતિક્રમણ ગુજરાતી અર્થ સહિત. ( ઉમેદચંદ રાયચંદ વાળી ) | | ૦.૧૨.૦ |
| પ્રભાવક પુરૂષ ચરિત્ર. સંસ્કૃત. મૂળ. શ્લોકબંધ | | ૧-૮-૦ |
| સંસ્કૃત ચૈત્યવંદન ચોવીશી. ચઉસરણ વિગેરેની બુક. | | ૦-૬-૦ |
| [illegible] સોપાન. | | ૦.૧૨.૦ |

ઉપર જણાવેલી કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.

For Private And Personal Use Only